પાર્ટ -૧

# સંક્ષિપ્ત અહેવાલ

# વિશ્વ બેન્ક સહાયિત સંકલિત સમુદ્રતટીય ઝોન વ્યવસ્થાપન પ્રોજેકટ

## પર્યાવરણીય અને સામાજિક મૂલ્યાંકન



પર્યાવરણ અને વિકાસ કેન્દ્ર,

થીરુવન્તપુરમ દ્વારા પર્યાવરણ અને વનમંત્રાલગય,

ભારત સરકાર સમક્ષ પ્રસ્તુત

નવેમ્બર ૨૦૦૯

## ૧. સંક્ષિપ્ત સાર

### ૧.૧ પ્રસ્તાવના

૧. ભારત આશરે ૭૫૦૦ કી.મી.ની લંબાઈ ધરાવતો સમુદ્રતટ ધરાવે છે. જેમાંથી આશરે ૫૮૦૦ કી.કીનો સમુદ્રતટ  દ્રીપકલ્પીય ભારતનો અને બાકીનો સમુદ્રતટ અંદમાન નિકોબાર અને લક્ષદીપ ટાપુનો છે. વિશ્વના ૦.૨૫ ટકા થી પણ ઓછા સમુદ્રતટ સાથે ભારતમાં ૬૩ મિલિયનની વસ્તી છે જે ઓછા ઊંચાણ ધરાવતા સમુદ્રતટીય વિસ્તારોમાં વસવાટ કરતી આશરે ૧૧ ટકાની વૈશ્વિક વસતી ગણાય. સમુદ્રતટીય જિલ્લાઓ (કુલ ૫૯૩ જિલ્લાઓમાંથી ૭૩) રાષ્ટ્રીય વસ્તીનો ૧૧ ટકા હિસ્સો અને સમુદ્રતટના ૫૦ કી.મી.ની અંદર આશરે ૨૫૦ મિલિયન વસ્તીનો હિસ્સો ધરાવે છે. સમુદ્રતટમાં કેટલાક વિશાળ અને સાંથી ગીચ શહેરી સમૂહો - મુંબઈ કોલકત્તા, કોચી અને વિશાખાપટ્ટનમ સહિત ૭૭ શહેરો ધરાવે છે.

૨. સમુદ્રતટીય અને સમુદ્રી સંસાધનોનું સતત વ્યવસ્થાપન ભારતની આર્થિક વૃધ્ધિ માટે અનિવાર્ય છે.

ભારતનો સમુદ્રતટીય ઝોન ચેરની વૃક્ષારાજી (mangroves), પરવાળાની ખડકમાળા (coral reef), સમુદ્રી ઘાસ, ખારાપાટના કઠણ, રેતીના ઢૂવા, ખાડી, કછાર (lagoons) અને બેનમૂન સમુદ્રી અને ભૂમિગત વન્ય સૃષ્ટિની દેન ધરાવે છે. વિપુલ સમુદ્રતટીય અને અપતટીય સમુદ્રી ઈકો-સિસ્ટમમાં વિશ્વની સૌથી વિશાળ ચેર વનરાજિ (mangroves)માં ગણતરી થાય છે. સુંદરવન અને ભીતરકકિરના હિસ્સા સહિત ૬૭૪૦ કી.મી.[૨] ચેર (mangroves)નો સમાવેશ થાય છે. પરવાળા, માછલી, સમુદ્રી સસ્તન જીવો, સરીસૃપો અને કાચબા, સમુદ્રી ઘાસના મેદાન અને વિપુલ સમુદ્રી ઝાડીઓનો જથ્થો મોટો છે. ભારતમાં તો

તેલ અને ગેસનો સૌથી વધુ અનામત જથ્થો સમુદ્રતટીય અને છીછરા અપતટીય વિસ્તારોમાં આવેલો છે. ૩૭ ટકા સમુદ્રપટ (placer) ખનીજ અને ભારે ધાતુઓના જમાવથી લદાયેલો છે. અપતટીય પવનો, ભરતીના મોજા તેમ જે સમુદ્રી ઉષ્મીય ઊર્જાની સંભવિતતા મોટા પ્રમાણમાં છે. પ્રવાસન, સાંસ્કૃતિક અને પુરાતત્વવિષયક સ્થળો- જેમાં અમુક રાષ્ટ્રી અને આંતરરાષ્ટ્રીય મહત્તા ધરાવે છે તે પણ સમુદ્રતટે આવેલા છે. સમુદ્રી સવલતો, પેટ્રોલિયમ ઉદ્યોગો અને આયાત-આધારિત ઉદ્યોગ સહિત ભારતના આર્થિક આંતરમાળખાનો અત્યંત મહત્ત્વનો હિસ્સો સમુદ્રતટીય ઝોનમાં આવેલો છે. જેમાં ૧૯૭ મોટા અથવા નાના બંદરો, ૩૦૮ મોટા પાયાના ઔદ્યોગિક એકમો અને ૭૭ સમુદ્રતટે આવેલા શહેરોનો સમાવેશ થાય છે. સમુદ્રતટીય માછીમારીથી લાખો લોકોને પૂર્ણ સમયની રોજી મળે છે અને માછીમારીની મોસમ પછી લેવાતા પાક થકી માછીમારી પર નભતા ૩૬૩૮ ગામડામાંના બીજા ૧.૨ મીલીયન લોકો અને માછલી ઉતરાવવા માટેના ૨૨૫૧ કેન્દ્રોને રોજી મળે છે.

૩. પારિસ્થિતિક સમૃદ્ધિ અને રાષ્ટ્રના અર્થતંત્રમાં યોગદાન હોવા છતાં, સમુદ્રતટીય અને સમુદ્રી વિસ્તારો તનાવ હેઠળ છે. ઝડપી શહેરી ઉદ્યોગીકરણ, સમુદ્રી પરિવહન, સમુદ્રી માછીમારી, પ્રવાસન, સમુદ્રતટીય અને સમુદ્રતળ ખાણકામ, અપતટીય તેલ અને પ્રાકૃતિક વાયુઓનું ઉત્પાદન. જળસૃષ્ટિ સંવર્ધન અને તાજેતરમાં સ્થપાયેલા ખાસ આર્થિક ઝોનથી આંતરમાળખા માટેની માગમાં અત્યંત વધારો થયો છે. જેના પરિણામે કુદરતી સંસાધનોનો વપરાશ વધ્યો છે. છેલ્લા ૪૦ વર્ષમાં ભારતની આશરે ૪૦ ટકા ચેર વૃક્ષરાજિ (mangroves) નાશ પામી છે. પરવાળાના ૬૬ ટકા વિસ્તારો જોખમમાં છે. સમુદ્રી માછલીઓનો જથ્થો ઘટતો જાય છે અને માછલીઘર માટેની માછલીઓ, દરિયાઈ કાકડી ઝડપથી અદૃશ્ય થઈ રહી છે. આવો ક્ષય અને અવનતિ રોકવામાં નહી આવે તો

સમુદ્રતટીય વસ્તીની આજીવિકા, આરોગ્ય અને કલ્યાણને અસર કરશે જેનાથી નિરંતર આર્થિક વૃધ્ધિને માઠી અસર કરશે.

૪. આર્થિક અને આજીવિકા સલામતી પર સમુદ્રતટીય જોખમોનો ખતરો વધતો જાય છે. ભારતીય સમુદ્રરતટ સુનામી ૨૦૦૪, ભયાનક વાવાઝોડા અને દર વર્ષના નવ વાવાઝોડાની સરેરાશથી જાનમાલને થતા ભયાનક નુકશાન સહિત માઠા હવામાનને અધીન રહેલો છે. મોટે ભાગે ગરીબીને કારણે માઠા હવામાન પ્રત્યે સમુદ્રતટીય ગ્રામીણ સમુદાયોની સ્થિતિ - સ્થાપકતા ઘણી ઓછી હતી. તાજેતરના વર્ષોમાં સમુદ્રતટીય જમીનના ઝડપી ધોવાણથી સમુદ્રતટીય કૃષિ અને પાકા વસવાટોને માટી અસર થઈ રહી છે. જ્યારે પર્યાવરણીય અવનતિ અને વધુ પડતા ઉપયોગના લીધે પરંપરાગત માછીમારીનું ચલણ ઘટતું જાય છે. આબોહવા પરિવર્તનથી સમુદ્રતે વસતા સમુદાયોને અને આંતરમાળખાને જોખમ વધતું જાય છે. ભૂતકાળમાં થયેલા અભ્યાસોથી એવું સ્પષ્ટ થઈ રહ્યું છે કે સમુદ્રની સપાટી ઝડપથી ઊંચી આવતી જાય છે. વિષમ હવામાનની ઘટનાનું પનરાવર્તત અને તીવ્રતામાં વધારો થતો જાય છે. ચરેરાશ હવામાનમાં તફાવત રહેતો હોય છે અને જૈવભૈતિક તેમજ મનુષ્યજીવન પદ્ધતીઓમાં પરિવર્તન થતું રહે છે. સમુદ્ર સપાટીમાં ૧ (એક) મીટરના વધારાથી ભારતમાં આશરે ૬૦૦૦ કીમી વિસ્તારમાં પૂર ફરી વળશે જેનાથી નીચાણની વિસ્તારોમાં ૬૩ મીલીયન લોકો જેટલી વિશાળ વસ્તીની રોજિંદી પ્રવૃત્તિઓને સંભવિત રીતે અસર થશે અને નીચાણના વિસ્તારોમાં વસતા ગરીબ સમુદાયો જે આપત્તિના આઘાત પ્રત્યે ઓછી સ્થિતિસ્થાપકતા ધરાવે છે તેમને વધુ જોખમભેદ્ય બનાવશે. આબોહાવા પરિવર્તથી બંદરો, ઉદ્યોગો અને અન્ય સવલતોને પણ માઠી અસર થશે.

૫. વિવિધ પ્રકારના જોખમોથી સમુદ્રતટીય અને સમુદ્રી સંસાધનોને સતત થતી સંઘર્ષ : તાજેતરના વર્ષોમાં ઝડપી આર્થિક વૃદ્ધિથી પરિવૃત (hinterland) અર્થતંત્રના પ્રવેશમાર્ગનો હેતુ બર લાવવા માટે વધુને વધુ સ્થાપવામાં આવતા બંદરોથી સમુદ્રતટીય ઝોનમાં નવા અને વિશાળ મૂડીરોકાણોને પ્રેરણા મળી છે. વિશાળ શહેરી વિસ્તારોમાં સ્થાવર મિલકતની વૃધ્ધિ અને બિનઆયોજિત પ્રવાસર પ્રવૃત્તીઓથી સમુદ્રતટીય ઝોનમાં ઝડપથી વૃધ્ધિ પામતી ગ્રામીણ, અર્ધ-ગ્રામીણ અને શહેરી વસતીને આધાર આપવા માટે પાયાના આંતરમાળખાને નોંધપાત્ર રીતે વધારો કરવાનું જરૂરી બન્યું છે. વધુમાં વિશાળ સંખ્યામાં અવ્યવસ્થિત પરંતુ સ્પર્ધાત્મક આર્થિક પ્રવૃત્તિઓના પરિણામે મધ્યસ્થીઓમાં સંઘર્ષ થયો છે. સંસાધનોનો દુરુપયોગ, વ્યય અને અતિ ઉપયોગ થયો છે. અને સમુદ્રતટીય પ્રાકૃતિક દૃશ્ય ધરાવતા અમુક વિસ્તારોમાં વાણિજિયક જલસૃષ્ટિ સંવર્ધનનાં સમયગુથણે નાશ કરીને પર્યાવરણ પ્રણાલી (eco-system)ની અવનતિ થઈ છે. સતત વધતી નિયમિતતાથી ત્રાટકતા વાવાઝોડા જેવા સમુદ્રતટીય જોખમોથી, આવી જરૂરિયાતોનું કાયમી અનુકૂલન કઈ રીતે કરવું તે સમુદ્રતટીય ઝોન અને સમુદ્રી વ્યવસ્થાપન માટે મહત્ત્વનો પ્રશ્ન છે.

૬. વિશાળ સંખ્યામાં વિભાજિત નીતિઓ અને અપૂર્ણ સંસ્થાકીય ઢાંચાથી સંતુલિત વિકાસ સુનિશ્ચિત થઈ શકે તેમ નથી. દેશના સમુદ્રતટીય અને સમુદ્રી વિસ્તારો માટેના વ્યવસ્થાપનના ક્ષેત્રમાં સંકલિત અને સમન્વિત નિર્ણયકર્તા તંત્રની ઊણપ છે. આ બાબત તમામ પ્રકારના સંકિર્ણ અને ક્ષેત્રલક્ષી અનેકવિધ સંસ્થાકિય, કાનૂની અને અર્થિક આયોજનના ઢાંચાઓમાં પ્રતિબિંબિત થાય છે. પરિણામસ્વરૂપ સમુદ્રતટીય અને સમુદ્રી વિસ્તારોમાં ક્ષેત્રપ્રવૃત્તિઓ તેના હેતુઓ અને ઉત્પાદનોને સાથો સાથ સંઘર્ષમાં મૂકીને એકબીજાથી અળગા રહીને કામગીરી કરે છે. બરાબર તે સાથે જ મધ્યસ્થીઓના હિત અમુક અંશે સહભાગી આયોજન અને વ્યવસ્થાપન પ્રક્રિયાના અભાવે બદલાઈને સ્પર્ધાત્મક બને છે. મોટા અને નાના કદના આર્થિક આંતરમાળખામાં મૂડી રોકાણ જે વિકાસ અને

ગરીબી નાબૂદી માટેના રાષ્ટ્રીય ધ્યેયોના તમામ રીતે મહત્વના ઘટકો છે તે લાંબાગાળાની અસરોના પધ્ધતિસર વિશ્લેષણ વિના જ થતા હોય છે સમગ્ર નીતિ અને યોજના પ્રતિભાગે સમુદ્રતટીય સંસાધનો, પ્રક્રિયા, અસરોના વિશ્લેષણ અને વ્યવસ્થાપનના વિકલ્પોની જાણકારી અભાવે વધુ પાંગળા બને છે.

૭. ભારતના સમુદ્રતટીય ઝોનનું સંચાલન કરા માટેનો અભિગમ પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ બહાર પાડેલા સન ૧૯૯૧ના સમુદ્રતટીય નિયમન ઝોન (CRZ)ના જાહેરનામા મુજબ અત્યાર સુધી નિયંત્રણ તરીકેનો જ રહ્યો છે. આ અભિગમથી સમુદ્રતટીય ઝોન સંરક્ષણ  અને સંબંધિત ક્ષેત્રમાં જરૂરી આર્થિક વૃધ્ધિને સંતુલન આપવાની મોકળાશ મળતી નથી અથવા આ અભિગમમાં અન્ય વિકાસ પ્રવૃત્તિઓ કેન્દ્રાનુંગામી કરવાની જરૂર જણાય છે.  સન ૧૯૯૧ના જાહેરનામાથી, સમુદ્રતટને સમાંતર સૌથી મોટી ભરતીની અંતિમ રેખાથી ૫૦૦ મીટર સુધીની જમીનની અંદરના વિસ્તારમાં વિકાસ પ્રવૃત્તિઓ પર નિયંત્રણ, નિયમક અને અંકુશ મૂકવામાં આવ્યો છે. છેલ્લા દાયકામાં, વિકાસ નું દબાણ વધતું જતું હોવાને કારણે એક બાજુ જાહેરનામાની જોગવાઈઓનું મોટા પાયે ઉલ્લંઘન થતું હોવાના અને બીજી બાજુ વિવિધ આર્થિક ક્ષેત્રોને સુયોજિત કરવાની માંગણીઓ હતી

૮. ઉપરની રૂપરેખા મુજબ દેશ અને ક્ષેત્રસંબંધી સમસ્યાઓને ધ્યાનમાં લઈને, ભારત સરકારે રાષ્ટ્રીય પર્યાવરણ નીતિ, ૨૦૦૫માં સ્પષ્ટ જણાવ્યા મુજબ સમુદ્રતટીય અને સમુદ્રી વિસ્તારોના લાંબા ગાળાના વ્યવસ્થાપન માટેના ધ્યેય વિકસાવ્યા છે. ભારત સરકારે કાર્યસૂચિનો એક ભાગ - જે સમુદ્રતટીય અને સમુદ્રી વિસ્તારોના સમન્વિત વ્યવસ્થાપન માટે યોગ્ય નીતિ પર્યાવરણ ખીલવાને લગતો છે. તેને અમલમાં મૂકવા માટેના પગલા અગાઉથી જ લઈ લીધેલા છે. બીજો ભાગ દેશની લાંબાગાળાની જરૂરિયાતો માટે પૂરતી

ગણાય તેવી પર્યાપ્ત જ્ઞાનપ્રણાલી અને સંસ્થાગત નાણાકીય ગોઠવણો અને ક્ષમતા વિકસાવવાનો છે.

આ બીજા ભાગનો કાર્યક્રમ શરૂ કરવા માટે, વિશ્વબેન્ક તરફથી સૂચિત સહાય ધરાવતો ભારતીય સંકલિત સમુદ્રતટીય ઝોન વ્યવસ્થાપન પ્રોજેક્ટ (Indian integrated costal zon management project) ઘડી કાઢવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટથી રાષ્ટ્રીય સ્તરે તેમજ ત્રણ પ્રારંભિક રાજ્યો (Pilot states)માં સંકલિત સમુદ્રતટીય ઝોન વ્યવસ્થાપનના અમલીકરણ માટેના ક્ષમતાનિર્માણને સહાયભૂત થશે. એક વખત પ્રારંભિક નિદર્શન પૂર્ણ જાય કે તરત જ, રાષ્ટ્રીય સ્તરે તેમજ બાકીના નવ (૯) સમુદ્રતટીય રાજ્યો અને સંઘ રાજ્યક્ષેત્રો - એમ બન્ને માટે દીર્ઘકાલીન લાભ અને વ્યાપક અસરો માટે આ પહેલને ફરીથી અજમાવવામાં આવશે. આવી ફેર-અજમાયશને ભારત સરકારના પોતાના સંસાધનોથી સહાય કરવામાં આવશે અને અન્ય એજન્સીઓને વધારાની નાણાકીય સહાય પૂરક રીતે આપવામાં આવશે. આ પ્રોજેક્ટમાં શીખવા મળેલા પાઠ અને મળેલી ક્ષમતાની ગુણવત્તા ભારતમાં ભવિષ્યના સમુદ્રતટીય ઝોનના સંરક્ષણ અને વ્યવસ્થાપન પ્રોજેક્ટો અને કાર્યક્રમના ઘડતર અને અમલીકરણ માટે મહત્ત્વરૂપ બનશે.

૯. સામાન્ય રીતે સમુદ્રતટીય અને સમુદ્રી વિસ્તારો અને ખાસ કરીને પ્રોજેક્ટના સમન્વિત વ્યવસ્થાપનમાં ચિરસ્થાયી લાભો મળશે. ઈકોલોજિકલ, સાંસ્કૃતિક અને પરંપરાગત અધિકારો અને સ્થળ-દશ્યના સંરક્ષણની સાથોસાથ સમુદ્રતટીય ઝોનમાં આર્થિક આંતરમાળખાનો વિકાસ ભારતની વૃધ્ધિ અને વિકાસ માટે અત્યંત નિર્ણાયક છે. સંતુલિત, નિરંતર અને ઝડપી આર્થિક વૃધ્ધિ પણ ગરીબી નાબૂદી માટેનું આધારબિંદુ છે. આ પ્રોજેક્ટ અને તેનાથી થતી સુધારણા મદદરૂપ બને તો આબોહવા પરિવર્તનને લીધે સમુદ્રતટીય

વસતીને પ્રવર્તમાન આબોહવા તફાવત અને આપત્તિઓના જોખમને ઘટાડવામાં મહત્ત્વની ભૂમિકા પણ ભજવશે.

## ૧.૨ પ્રોજેક્ટનું વર્ણન :

૧૦. આ પ્રોજેક્ટ નિર્માણનો ઉદ્દેશ ભારત સરકારને, ગુજરાત, ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળ - એમ ત્રણ રાજ્યોનાં સમન્વિત સમુદ્રતટીય ઝોનના વ્યવસ્થાપન માટેના અભિગમનો આરંભ કરવા માટે ભારતના સમુદ્રતટીય ઝોન માટે નવા સંકલિત વ્યવસ્થાપનના અમલીકરણ માટે રાષ્ટ્રીય ક્ષમતાનું નિર્માણના હેતુથી મદદ કરવાનો છે. આ પ્રોજેક્ટને ચાર ઘટકો હશે - એક ઘટક રાષ્ટ્રીય સ્તરે ક્ષમતા અને જ્ઞાન વિકાસ માટે હશે અને બાકીના ત્રણ રાજ્ય ઘટકો રાજ્ય સ્તરે ક્ષમતા નિર્માણ વિકસાવવામાં ભારત સરકારને મદદ કરવાનો છે, જેને આંતર ક્ષેત્રીય સમજ અને સંયુક્ત અમલીકરણને સરળ બનજાવવાના હેતુથી થોડા સ્થાનિક મૂડીરોકાણો દ્વારા ક્રમાનુસાર મદદ મળશે.

(૧) ઘટક - ૧ : રાષ્ટ્રીય સમન્વિત સમુદ્રતટીય ઝોન વ્યવસ્થાપન ક્ષમતાનિર્માણ

૧૧. રાષ્ટ્રીય ઘટકમાં (૧) ભારતની સમુદ્રસમાંતર જમીન પર જોખમરેખાનું નકશાલેખન, વર્ણન અને સીમાંકન, (૨) ભારતની સમુદ્રસમાંતર જમીનને સમાંતર ઈકોલોજિકલ સંવેદનશીલ વિસ્તારો (ESA) માટે જરૂર જણાય તે મુજબ નકશાલેખન, વર્ણન અને સીમાંકન (૩) NCZMA માટે સચિવાલયની જેમ પર્યાવરણ અને વન મંત્રાલયનું ક્ષમતાનિર્માણ અને સમુદ્રતટીય સંકલિત વ્યવસ્થાપન માટે રાષ્ટ્રવ્યાપી તાલીમ કાર્યક્રમ અને (૪) સમુદ્રતટીય ઝોનના સ્થાયી અને સતત વ્યવસ્થાપન માટે નવા રાષ્ટ્રીય કેન્દ્રોની સ્થાપના અને અમલ.

૧૨. જોખમરેખાના નકશાલેખન, વર્ણન અને સીમાંકન : સ્વામીનાથન સમિતિની ભલામણો પછી, પર્યાવરણ અને વન મંત્રાલયે જોખમરેખાના નકશાલેખન અને વર્ણનની પધ્ધતિને આખરી ઓપ આપવા માટે સન ૨૦૦૬માં એક તજજ્ઞ સમિતિની રચના કરેલી. તજજ્ઞ સમિતિએ જોખમરેખા નક્કી કરવા માટે સમુદ્રસપાટી ઊંચી આવવાથી થતી અસરો અને સમુદ્રતટીય ધોવાણની માહિતી સહિત સંબંધિત સ્થળના ઊંચાણ, સમુદ્રી ભરતીની ઊંચાઈની માહિતીનો ઉપયોગ કરવાની વ્યવહારુ પધ્ધતિ સૂચવેલી. સન ૨૦૦૬-૨૦૦૮ દરમિયાન જુદા જુદા વિચારમંચ દ્વારા વિકલ્પો અને વિગતોની ચર્ચા કરવામાં આવેલી. પ્રોજેક્ટ તૈયાર કરવાના સમયગાળા દરમિયાન, વિજ્ઞાનીઓ સહિત તજજ્ઞો વચ્ચે સર્વસંમતિ સાધવાના હેતુથી કેટલાક વર્કશોપનું આયોજન કરવામાં આવેલું. દરેક રાજ્યમાં મધ્યસ્થીઓ સમક્ષ તજજ્ઞોની સર્વસંમતિનું નિદર્શન કરવામાં આવેલું અને આખરી પધ્ધતિઓને મંજૂરી આપવામાં આવેલી. ભારતની સમુદ્રતટીય તળભૂમિ માટેની જોખમરેખાનો નકશો તૈયાર કરીને, ૧૦૦ વર્ષની જમીન તરફ સમુદ્રીપૂરની રેખા (જેમાં સમુદ્રસપાટી ઊંચી આવવાની અસરોનો પણ સમાવેશ કરીને અને ૧૦૦ વર્ષ માટેની અનુમાનિત ધોવાણરેખાનું વર્ણન કરવામાં આવશે. આમાં (૧) સમગ્ર સમુદ્રતટીય તળભૂમિ માટે ૦.૫ મીટરની સમતલરેખાની ઊંચાણ ધરાવતા પ્રદેશની મોજણી કરીને તેનું ડિજિટલ મોડેલ તૈયાર કરવું. (૨) ઐતિહાસિક ગણાય તેવી ભરતીની ઊંચાઈના માપની વિગતોનો સંગ્રહ કરીને ૧૦૦ વર્ષના પૂર માટેના સ્તર નક્કી કરવા. (૩) ૧૦૦ વર્ષની ધોવાણરેખાનું અનુમાન કરવા માટે સન ૧૯૬૭થી નકશા અને ઉપગ્રહ તસવીરોનું પૃથક્કરણ (૪) ડિજિટલ નકશા પર જોખમરેખા દર્શાવતા સંયુક્ત નકશા તૈયાર કરવા, અને (૫) જાહેર જનતામાં પ્રસાર માટે સ્થાનવિષયક નકશાઓના જોખમરેખાનું સ્થાનાંતરણ જોખમરેખાનું વર્ણન થયા પછી, જમીન પર તેની નિશાનીઓ મૂકવામાં આવશે. સ્થાનિક આયોજનના હેતુઓ માટે વપરાતા મહેસૂલી નકશા સ્થાનીય નકશાઓ

સાથે સરખાવી શકાય તેમ ન હોવાથી આ બાબત અગત્યની છે. જાહેર જનતામાં પ્રસારિત કરેલા નકશા અને જમીન પરની નિશાનીઓ સમુદ્રતટીય વિનિયમનોની અમલપાત્રતા સંબંધી નિર્ણય માટેની જરૂરિયાતથી દરેક વખતે ભૌતિક મોજણી અને અર્થઘટનમાં થતા મૂડીરોકાણ માટે દરેક મધ્યસ્થી અને વિકાસકાર માટેની જરૂરિયાત રહેશે નહીં. જોખમરેખાઓનું આલેખન અને વર્ણન એક વખત થઈ જાય તે પછી તેનો ઉપયોગ રાજ્ય / સ્થાનિક વ્યવસ્થાપન યોજનાઓની જમીન તરફ પડતી હદ નક્કી કરવામાં તેનો ઉપયોગ થશે.

૧૩. જરૂરિયાત અનુસાર ESAનું નકશાલેખન, વર્ણન અને સીમાંકન : સ્વામીનાથન સમિતિની ભલામણોને આધારે ESAના પ્રકાર અને લાક્ષણિકતાઓ નક્કી કરવા માટે પ્રોજેક્ટની તૈયારીના સમયગાળા દરમિયાન પરામર્શ આધારિત અભ્યાસ હાથ ધરવામાં આવેલો. તજજ્ઞો અને મધ્યસ્થીની સર્વસંમતિ બાદ, આ અભ્યાસ દ્વારા જુદા જુદા ૧૫ પ્રકારના ESAની ભલામણ કરવામાં આવેલી. ESAમાં હાલના રક્ષિત રાષ્ટ્રીય ઉદ્યાનો, વન્યજીવન અભયારણ્યો, ચેરની વૃક્ષરાજી, પરવાળાના ટાપુઓ, સમુદ્રી ઘાસ અને દરિયાઈ જંગલપટ્ટ, વેલા-ભૂમિ જંગલો, સમુદ્રતટ, રેતીના ઢૂવા, ગીરીમાળા, કળણભૂમિ, લગૂન, નદીમુખ અને ઓલીવ રિડલી કાચબા તેમજ નાળ કરચલા જેવી મહત્ત્વની જાતિના વસવાટોનો સમાવેશ થાય છે. આમાંની દરેકની ઈકોલોજિકલ સમૃધ્ધિ નક્કી કરવા માટેની વિસ્તૃત પધ્ધતિઓ નક્કી કરવામાં આવી હતી. આ પધ્ધતિઓને અનુસરીને, ESA નક્કી કરીને વર્ણન કરવામાં આવશે. સમુદ્રતટીય વ્યવસ્થાપન ઝોનની અંદરના આ ESA ધરાવતા નજીકના વિસ્તારોને ESA -1 તરીકે મુકરર કરવામાં આવશે અને પર્યાવરણ અને વનમંત્રાલય આ વિસ્તારો માટેની વ્યવસ્થાપન જવાબદારીઓ સંભાળશે.

૧૪. <u>સમુદ્રતટીય ઝોન વ્યવસ્થાપન માટેની નવી રાષ્ટ્રીય સંસ્થાની સ્થાપના :</u> પ્રોજેક્ટ નિર્માણ દરમિયાન, રાષ્ટ્રીય સંસ્થા માટેનો કાર્યક્રમ ઘડી કાઢવા માટે એક અભ્યાસ હાથ ધરવામાં આવેલો. આ અભ્યાસમાં દેશમાં, ICZM કૌશલ્યોનું વિશ્લેષણ કરવામાં આવેલું. ભૌતિક, રાસાયણિક અને જૈવિક સમુદ્રવિજ્ઞાન, સમુદ્રતટીય ભૂસ્તરશાસ્ત્ર અને ભૂપૃષ્ઠવિજ્ઞાન, સમુદ્રતટીય ઈજનેરીવિદ્યા : માછીમારી અને મત્સ્ય સંવર્ધન, સમુદ્રતટીય અને સમુદ્રતળ સંસાધનો : સમુદ્રતટીય ઈકોલોજી અને પર્યાવરણ : પ્રાદેશિક આયોજન, પરિસ્થિતિ વ્યવસ્થાપન, વ્યુહાત્મક પર્યાવરણીય વિશ્લેષણ, પર્યાવરણીય મૂલ્યાંકન : સંકલિત સમુદ્રતટીય ઝોન વ્યવસ્થાપન, સમુદ્રીવિસ્તાર વ્યવસ્થાપન, પરંપરાગત બુધ્ધિમતા, સમુદ્રતટીયય સમુદાયોના સામાજિક અને સાંસ્કૃતિક નૃવંશશાસ્ત્ર અને સમુદ્રતટીય સમુદાયોની વિકાસ જરૂરિયાતો જેવા સંબંધિત ક્ષેત્રો માટે વૈજ્ઞાનિક, કાનૂની અને ટેકનોલોજીકલ ત્રૂટિઓ અને કૌશલ્ય જરૂરિયાતો નક્કી કરવામાં આવેલી. અભ્યાસના પરિણામોને આધારે અને મધ્યસ્થીઓની ચર્ચાના આધારે તેમજ સ્વામીનાથન સમિતિની ભલામણો મુજબ NCSCZM ભારતમાં સંકલિત સમુદ્રતટીય ઝોન વ્યવસ્થાપન માટેની ઉત્તમ આંતરરાષ્ટ્રીય પ્રણાલીઓ અને અભિગમો વિકસાવીને તેને ઉત્તેજન આપશે.

૧૫. સંસ્થા ભારતમાં અને અન્યત્ર ચલણમાં હોય તેવી ICZM પ્રણાલીઓ પરની માહિતી અને જ્ઞાનનો કેન્દ્રવર્તી સંગ્રહ વિકસાવીને ICZM ની સફળતાઓ અને નિષ્ફળતાઓનું વિશ્લેષણ કરીને ભારતીય સંદર્ભમાં ઉચિત અજમાયશ કરશે અને ICZMને ટેકનોલોજિકલ રીતે નક્કર અને વ્યવહારુ વ્યવસ્થાપન અભિગમોને ઉત્તેજન આપશે : ICZM અભિગમો, કાર્યક્રમો અને પ્રોજેક્ટોનું મૂલ્યાંકન કરીને તેના અમલ પર દેખરેખ રાખશે તેમજ ICZM સંબંધી નીતિવિષયક, કાનૂની અને વૈજ્ઞાનિક બાબતો પર સરકારો અને બીજા મધ્યસ્થીઓને સલાહ આપશેઃ સમુદ્રતટીય સમુદાયો, તજજ્ઞો અને સરકારો વચ્ચે સંપર્કસેતુનું કામ કરશેઃ અને ઈકોલોજીકલ સાક્ષરતા સહિત ICZM ના સંબંધમાં પ્રયોજિત સંશોધન, શિક્ષણ અને

જાગૃતિને ઉત્તેજન આપશે. આ ઉદ્દેશો સિધ્ધ કરવા માટે, સૂચિત NCSCZM ને સમુદ્રતટીય અને સમુદ્રી વિસ્તાર વ્યવસ્થાપન માટે વિશ્વકક્ષાની સંસ્થા બનાવવાના હેતુઓ સ્વાયત્ત સંસ્થા તરીકે સ્થાપવામાં આવશે.

૧૬. પર્યાવરણ અને વનમંત્રાલયનું ક્ષમતાનિર્માણ : NCZMA ના સચિવાલય તરીકે પર્યાવરણ અને વન મંત્રાલય કેટલા અંશે ભૂમિકા ભજવી શકશે તેનું મૂલ્યાંકન કરવા માટે પર્યાવરણ અને વન મંત્રાલયના હાલના ક્ષમતાનિયંત્રણોનું વિશ્લેષણ હાથ ધરવામાં આવેલું. ICZM અભિગમ તરફનો સૂચિત ઝોક અને પર્યાવરણ અને વન મંત્રાલયની જવાબદારીઓમાં પારિણામિક ફેરફારને આવશ્યક બનાવતી ક્ષમતાનિર્માણ જરૂરિયાતો નક્કી કરવા માટે વધુ વિશ્લેષણો હાથ ધરવામાં આવેલા. આ વિશ્લેષણ તેમજ NCZMA અને સમુદ્રતટીય રાજ્યોના પરામર્શને આધારે ક્ષમતા નિર્માણ યોજના તૈયાર કરવામાં આવેલી. ડિસેમ્બર-૨૦૦૯ સુધી પૂર્ણ કરવા માટેની સમયાનુસૂચિત કામગીરી આ મુજબ છે :- (૧) કર્મચારીતંત્ર અંગે દરખાસ્તો (કૌશલ્યો, કામગીરીનું વર્ણન, સંસ્થાની અંદર કાર્યાન્વયન એકમોની સ્થાપના કરવી) સાધનસામગ્રી, ઓફિસ માટેની જગા અને એવી બીજી બધી કાર્યલક્ષી જરૂરિયાતો અને અમલીકરણને લગતી બીજી ગોઠવણો (૨) સંસ્થાકીય ફેરફારોના અમલીકરણ માટે મૂડીરોકાણ અને કાર્યલક્ષી અંદાજપત્ર જરૂરિયાતો અને સમયપત્રક. ક્ષમતાનિર્માણ જરૂરિયાતો પ્રોજેક્ટના અમલીકરણથી જ પરિપૂર્ણ કરવામાં આવશે.

નકશો : સંકલિત સમુદ્રતટીય ઝોન વ્યવસ્થાપન પ્રોજેક્ટ ઈન્ડીયા



૧૭. પ્રોજેક્ટનું સંચાલન : પર્યાપ્ત નાણાકીય સંચાલન અને નાણાપ્રાપ્તિ વ્યવસ્થાતંત્રની સ્થાપના, માહિતીસંચાર યોજના અને માહિતી અધિકાર સંબંધી પ્રવૃત્તિઓનું અમલીકરણઃ નિયમન જવાબદારીવહન પગલાનું અમલીકરણઃ M&E અને ત્રાહિત પક્ષકાર ઓડિટ : રાજ્યો અને બીજા મધ્યસ્થીઓ સાથે સંકલન બેઠકો અને વિશિષ્ટ મૂલ્યાંકન અભ્યાસો તેમજ રાષ્ટ્રીય પ્રોજેક્ટ વ્યવસ્થાપન એકમ (NPMU)ના કર્મચારીતંત્ર અને કામગીરીને આ પ્રોજેક્ટના સંચાલનથી મદદ મળશે. સ્વાયત્ત સંસ્થા તરીકે સ્થાપવામાં આવનાર પ્રોજેક્ટ વ્યવસ્થાપન યુનિટ (PMU)ને પર્યાવરણ અને વન મંત્રાલય ક્ષમતા નિર્માણ યોજના મુજબ પર્યાવરણ અને વન મંત્રાલયના સમુદ્રતટીય ઝોન વ્યવસ્થાપન પ્રભાગમાં આ પ્રોજેક્ટના અમલના સમયગાળા દરમિયાન રૂપાંતરિત કરવામાં આવશે. તેથી નાણાકીય વ્યવસ્થાપન અને નાણાપ્રાપ્તિ વ્યવસ્થા તેમજ M&E તંત્ર જેવી મોટાભાગની વ્યવસ્થા મધ્યમ મુદતની ક્ષમતા નિર્માણ યોજનામાં સામેલ કરવામાં આવશે.

(૨) ઘટક - ૨ : ગુજરાતમાં ICZM નો પ્રારંભિક અભિગમ.

૧૮. આ ઘટકમાં (૧) સમુદ્રતટીય તળકાંપ એકમ જેમાં કચ્છના અખાતનો સમાવેશ થાય છે તેને માટેના ICZM યોજના તૈયાર કરવા સહિત રાજ્ય સ્તરની એજન્સીઓ અને સંસ્થાઓનું ક્ષમતાનિર્માણ : અને (૨) અગ્રતા મૂડીરોકાણોનો સમાવેશ થાય છે.

૧૯. કચ્છના અખાત માટેની ICZM યોજના : આંતરરાષ્ટ્રીય અનુભવોથી એવું જણાય છે કે સમુદ્રતટીય ઝોન યોજનાઓની હદો તરીકે વહીવટી નહી પરંતુ કુદરતી હદોનો ઉપયોગ મહત્ત્વનો છે. સમુદ્રતટીય ઝોન યોજનાઓની જમીન તરફ પડતી હદ જોખમરેખા (જેને રાષ્ટ્રીય ઘટક હેઠળ બતાવવાની છે.) તેને આધારિત હશે અને રેખાંશ હદો સમુદ્રીકાંપ એકમ તરીકે રહેશે. આ યોજનાને મધ્યસ્થીઓ સાથેના નિયમિત સંવાદની પ્રક્રિયા તરીકે ઘડેલી છે જેમાં સરકાર તમામ મધ્યસ્થીઓને પોતપોતાની સમસ્યા જણાવીને સંકલિત

નિર્ણય પ્રક્રિયામાં રોકવા માટેનું પ્લેટફોર્મ બનાવી આપે છે. મધ્યસ્થીઓ સાથેની વાતચીતને ટેકનીકલ અને માહિતી નિવેશની મદદ મળશે. યોજના નિર્માણના પ્રારંભિક તબક્કે, જુદી જુદી જરૂરિયાતો અને ક્ષમતા ધરાવતા સમુદ્રતટીય ઝોન પર આધારિત વસતી અને પેટા જૂથોની સામાજિક - આર્થિક રૂપરેખાના આધારે મધ્યસ્થી વિશ્લેષણ હાથ ધરવામાં આવશે. નક્કી કરેલા મધ્યસ્થી જૂથો આયોજનની પ્રક્રિયા મારફત સહભાગી બનશે. પ્રાકૃતિક સમુદ્રતટીય અને સમુદ્રી પ્રક્રિયાઓ, સંસાધનોની દેન, સમુદ્રતટીય સમુદાયોને સંભવિત જોખમો અને ખતરાઓનું મૂલ્યાંકન, સમુદ્રતટીય અને સમુદ્રી સંસાધનો ઉપર પરંપરાગત અને પ્રવર્તમાન સંસાધનો ઉપર પ્રવર્તમાન અને સંચિત દબાણનું મૂલ્યાંકન અને પરંપરાગત તેમજ પ્રવર્તમાન સ્ત્રોત વપરાશનું મૂલ્યાંકન અને મધ્યસ્થીઓમાં તેનો આધાર જેવી બાબતો સમજવા માટે ખાસ પરામર્શ સહાયની જરૂર પડશે. મધ્યસ્થીઓની જરૂરિયાતો, અગ્રતા, સમસ્યાઓ અને સંઘર્ષ, વિકાસ જોખમો અને તકો નક્કી કરવા માટે મધ્યસ્થી પૃથક્કરણ અને પરામર્શનો ઉપયોગ કરવામાં આવશે. યોજના પ્રક્રિયાથી, સંસાધન વિકાસ, પ્રાદેશિક આયોજન, સામાજિક ક્ષમતા અને પર્યાવરણીય સંરક્ષણ સહિત ICZM યોજના સંબંધી કાનૂની અને સંસ્થાકીય સમસ્યાઓનું વિગતવાર પૃથક્કરણ હાથ ધરવામાં આવશે. ICZM યોજના વ્યૂહ પરની મધ્યસ્થી સાથેની સમજૂતી / કરારનો પણ વ્યાપક પ્રસાર કરવામાં આવશે. તમામ મધ્યસ્થીઓના જૂથ દ્વારા યોજના તૈયાર કરવામાં આવશે. ICZM યોજના ૨૦-૩૦ વર્ષ સુધીની એક પ્રાદેશિક યોજના અથવા રૂપરેખા યોજના તરીકે (પરંતુ બૃહદ્ યોજના અથવા વિસ્તાર વિકાસ પગલા આયોજન તરીકે નહિ) એવી રીતે બનાવવાની અપેક્ષા છે. યોજનાનું વિષયવસ્તુ, રાષ્ટ્રીય ઘટક હેઠળના ESA નકશાલેખનથી નક્કી કર્યા મુજબના ESA ને કોઈપણ યોજના દરખાસ્તથી પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે અથવા સ્વામીનાથન સમિતિ અહેવાલમાં જણાવેલા માર્ગદર્શક સિધ્ધાંતોનું ઉલ્લંઘન કરશે નહિ એવી મર્યાદાને આધિન રહીને મધ્યસ્થીની

સમજૂતીને આધારિત હશે. ICZM યોજનામાં, અમલીકરણ ગોઠવણો, M&E અને યોજના સમીક્ષા વ્યવસ્થાતંત્ર, યોજના અમલીકરણ દ્વારા સંસાધન નિર્માણ સહિત ICZM યોજના નાણાકીય અમલીકરણ માટેની વિસ્તૃત દરખાસ્તો અને સંબંધિત સામાજિક અને પર્યાવરણીય શમન ઉપાયોનો સમાવેશ થશે.

૨૦. ગુજરાત રાજ્ય ICZM ક્ષમતા નિર્માણ : ગુજરાતમાં ક્ષમતાનિર્માણ પેટા-ઘટકમાં વનપર્યાવરણ વિભાગ (જે ગુજરાત SCZMA માટેનું સચિવાલય છે તેના) ક્ષમતાનિર્માણ, ગુજરાત રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સમુદ્રતટીય વિસ્તારોમાં પ્રદૂષણ નિયંત્રણના નિયમન અને અમલબજવણી માટે), ગુજરાત પર્યાવરણ અને ઈકોલોજી સંશોધન ફાઉન્ડેશન (સમુદ્રતટીય ઈકોલોજીમાં સંબંધિત સંશોધન ક્ષમતા વિકાસસ માટે) અને પરવાળાના ટ્રાન્સપ્લાન્ટેશન અને પુનનિર્માણ માટેની અનુકૂળ ટેકનિકો વિકસાવવા માટે) અને ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટયૂટ ઓફ સ્પેસ એપ્લિકેશન એન્ડ જિઓ-ઈન્ફોર્મેટિક (સમૃદ્રતટીય વિસ્તારો માટે જયોગ્રાફિક ઈન્ફર્મેશન સિસ્ટમ આધારિત નકશાલેખન અને નિર્ણય સહાય સાધનો)નો સમાવેશ થશે. બીજા ઘટકોમાં બને છે તેમ, પ્રોજેક્ટ મેનેજમેન્ટ (નીચે પેરેગ્રાફ-૨૨) મધ્યમમુદતી ક્ષમતા નિર્માણ માટે આધાર સહાય ઘડી કાઢેલ છે.

૨૧. અગ્રતા મૂડીરોકાણ : ગુજરાતમાં અગ્રતા મૂડી રોકાણની બાબતમાં કચ્છના અખાતમાં આવેલા તમામ વિસ્તારો માટે નીચેનો સમાવેશ કરવામાં આવે છે :

(ક) સમુદ્રતટીય સંસાધનોના જતન અને સંરક્ષણ (૧) ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા ચેર (મેન્ગ્રૂવ)નું વૃક્ષારોપણ (૨) પર્યાવરણ અને વન વિભાગ દ્વારા પરવાળા ટાપુસમુહનું પુનનિર્માણ, (૩) મરીન નેશનલ પાર્ક દ્વારા ચેર અને આશ્રયપટ માટેનું વૃક્ષારોપણ અને (૪) ખાનગી - જાહેર ભાગીદારીના નમૂના મારફત વન અને પર્યાવરણ વિભાગ દ્વારા દ્વારકા ખાતે સમુદ્રને લગતું સંગ્રહસ્થાન.

(ખ) પર્યાવરણ અને પ્રદૂષણ વ્યવસ્થાપન - (૧) જામનગર મહાનગરપાલિકા દ્વારા જામનગર શહેરની પર્યાવરણીય સ્વચ્છતા પૂર્ણ કરવી.

(ગ) સમુદ્રતટીય સમુદાયોનો જીવનનિર્વાહ અને સલામતી - (૧) સમુદ્રતટના બિનજંગલ ગામડાઓમાં ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા જીવનનિર્વાહ સુધારણા પ્રવૃત્તિઓ : અને (૨) સંરક્ષિત વિસ્તારોની અંદરના ગામડાઓ માટે મરીન નેશનલ પાર્ક દ્વારા ઈકો-ટૂરીઝમ અને સંબંધિત આજીવિકા સુધારણા પ્રવૃત્તિઓ.

૨૨. અગ્રતા મૂડીરોકાણો અને ક્ષમતા નિર્માણ સહાય એકબીજાને પૂરક છે અને સમાન ઉદ્દેશો પૂરા પાડે છે. ICZM યોજનાની સાથોસાથ તેઓ ખાસ કરીને કચ્છના અખાતમાં સમુદ્રતટીય વ્યવસ્થાપનને લગતી મહત્ત્વની સમસ્યાઓ અને સામાન્ય રીતે રાજ્યના સમગ્ર સમુદ્રતટીય અને સમુદ્રી વિસ્તારોની સમસ્યાને સ્પર્શે છે.

૨૩. <u>પ્રોજેક્ટ વ્યવસ્થાપન :</u> આ પેટા ઘટકથી રાજ્ય પ્રોજેક્ટ વ્યવસ્થાપન એકમ (SPMU)ના કર્મચારીતંત્ર અને સંચાલનઃ પર્યાપ્ત નાણાકીય વ્યવસ્થા અને નાણાપ્રાપ્તિ વ્યવસ્થા : માહિતી સંચાર યોજનાનું અમલીકરણ અને માહિતી અધિકાર સંબંધી પ્રવૃત્તિઓ : નિયમન અને જવાબદારી પગલાનું અમલીકરણ, તકરાર નોંધણી અને નિવારણ તંત્રની સ્થાપના : M&E ગુણવત્તા ચકાસણી પરામર્શ અને ત્રાહિત પક્ષકાર ઓડિટ સાથે સામાજિક ઓડિટ : રાજ્ય એજન્સીઓ અને બીજી મધ્યસ્થી વ્યવસ્થા : અને ખાસ મૂલ્યાંકન અભ્યાસો અને વિશિષ્ટ તજજ્ઞ નિવેશને મદદરૂપ થશે. એવી અપેક્ષા છે કે રાજ્ય પ્રોજેક્ટ વ્યવસ્થાપન એકમ (SPMU) જેની સ્થાપના ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા કરવામાં આવી રહી છે તે સ્વાયત્ત સંસ્થા છે જેનું રૂપાંતર સમુદ્રતટીય ઝોન વ્યવસ્થાપન પ્રભાગમાં થશે. પ્રોજેક્ટ વ્યવસ્થાપન માટેના મોટાભાગના વ્યવસ્થાતંત્ર - નાણાકીય વ્યવસ્થા અને પ્રાપ્તિ વ્યવસ્થા અને M&E વ્યવસ્થાને મધ્યમ મુદ્દતી નિર્માણ યોજનામાં સામેલ કરવામાં આવશે.

(૩) ઘટક - ૩ : ઓરિસ્સામાં ICZM અભિગમનો પ્રારંભ :

૨૪. આ ઘટકમાં, (૧) પેરાદીપ - ઘમરા અને ગોપાલપુર - ચિલિકાના પટનો સમાવેશ કરતા સમુદ્રતટીય તળકાંપ એકમો માટે ICZM યોજના તૈયાર કરવા સહિત રાજ્ય સ્તરની એજન્સીઓ અને સંસ્થાઓનું ક્ષમતા નિર્માણ, અને (૨) અગ્રતા મૂડીરોકાણનો સમાવેશ થશે.

૨૫. <u>પેરાદીપ ઘમરા અને ગોપાલપુર - ચિલિકા માટે ICZM યોજના :</u> યોજનાનું વિષયવસ્તુ અને જેને આધાર આપવાનો છે તે યોજના પ્રક્રિયા નીચેના બે ઘટકો જણાવેલા છે તે મુજબની જ છે. તેમાં તફાવત એટલો જ છે કે સમુદ્રતટીય ભૂપૃષ્ઠ વિજ્ઞાનના આધારે, બે યોજનાઓ તૈયાર કરવામાં આવશે જેમાં એવું નક્કી થયું છે કે સૂચિત સમુદ્રતટીય બે પટને એક સમુદ્રતટીય કાંપપ્રદેશ એકમ / પેટા-એકમની અંદર મૂકવા નહિ.

૨૬. <u>ઓરિસ્સા રાજ્ય ICZM ક્ષમતા નિર્માણ :</u> આ પેટા ઘટકને પર્યાવરણ અને વન વિભાગના ક્ષમતા નિર્માણ, ઓરિસ્સા રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સમુદ્રતટીય વિસ્તારોમાં પ્રદૂષણ પર દેખરેખનિયંત્રણ અને નિયમન માટે) અને ચિલિકા વિકાસ સત્તામંડળ (જાતિ અને પડતર ખરાબા જમીન સંશોધન માટે)ના ક્ષમતા નિર્માણમાં મદદરૂપ થશે. અન્ય રાજ્ય ઘટકોના કિસ્સાની જેમ પ્રોજેક્ટ વ્યવસ્થાપન સહાયની ઓરિસ્સાના મધ્યમ મુદતી ICZM ક્ષમતા નિર્માણ યોજના માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

૨૭. ઓરિસ્સામાં અગ્રતા મૂડીરોકાણોને બે છેડામાં (૧) ગોપાલપુર - ચિલિકા અને પેરાદીપ - ઘમરામાં કેન્દ્રિત કરવામાં આવ્યા છે અને તેમાં નીચેનાનો સમાવેશ થશે :

(ક) સમુદ્રતટીય સંસાધનોના સંરક્ષણ અને જતન :

(૧) ચિલકા વિકાસ સત્તામંડળ દ્વારા ઓલિવ રીડલી કાચબા અને અન્ય જળ વન્યસૃષ્ટિને સંરક્ષણ

(૨) વન અને પર્યાવરણ વિભાગ દ્વારા ચેર વૃક્ષારોપણ,

(૩) સાંસ્કૃતિક વિભાગ દ્વારા પુરાતત્વીય વારસાનું સંરક્ષણ જે આપત્તિના સમયે આશ્રયનો હેતુ સિધ્ધ કરશે : અને

(૪) જળ સંસાધનો વિભાગ દ્વારા પેન્થા ગામે સમુદ્રકિનારાની પ્રારંભિક કામગીરી

(ખ) પર્યાવરણ અને પ્રદૂષણ વ્યવસ્થાપન :

(૧) ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગ દ્વારા પેરાદીપના સમુદ્રતટીય નગરોની પર્યાવરણીય સ્વચ્છતા - સફાઈ

(ગ) સમુદ્રતટીય સમુદાયોની આજીવિકા સલામતી -

(૧) ચિલિકા સરોવરની આસપાસના ૬૦ (સાંઠ) માછીમારી ગામડામાં આજીવિકા સુધારણા સહાય અને મત્સ્ય વિભાગ દ્વારા સંલગ્ન કૃષિ પ્રવૃત્તિઓ વિકસાવવા માટે ગહિરમથા વન્યસૃષ્ટિ અભયારણ્ય (૨) પ્રવાસન વિભાગ દ્વારા નાના પાયાની પ્રવાસન પ્રવૃત્તિઓ વિકસાવવામાં માછીમાર લોકોના જૂથોને સહાય (૩) ઉદ્યોગ વિભાગ દ્વારા શણની બનાવટો જેવી નાના પાયાની ઔદ્યોગિક અને ખરીદ વેચાણ પ્રવૃત્તિઓ વિકસાવવામાં માછીમાર સમુદાયોને સહાય, અને (૪) આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

દ્વારા અગાઉના કાર્યક્રમોમાં ચક્રવાત આશ્રયો બાંધેલા ન હોય તેવા બાકીના ૧૩ સમુદ્રતટીય ગામડાઓમાં ચક્રવાત આશ્રયની જોગવાઈ.

૨૮. ગુજરાતની જેમ, અગ્રતા મૂડીરોકાણ અને ક્ષમતા નિર્માણ સહાય એકબીજાને પૂરક છે અને સમાન ઉદ્દેશો ધરાવે છે. ICZM યોજનાની સાથોસાથ, તેનો હેતુ ખાસ કરીને લક્ષિત બે સમુદ્રતટીય પટમાં સમુદ્રતટીય વ્યવસ્થાપનને લગતી મહત્ત્વની સમસ્યાઓ અને સામાન્ય રીતે રાજ્યમાંના સમગ્ર સમુદ્રતટીય અને સમુદ્રક્ષેત્રોની મહત્ત્વની સમસ્યાના સંબંધમાં છે.

૨૯. પ્રોજેક્ટ વ્યવસ્થાપન : આનાથી રાજ્ય પ્રોજેક્ટ વ્યવસ્થાપન એકમ (SPMU), પર્યાપ્ત નાણાકીય વ્યવસ્થા અને નાણા પ્રાપ્તિ વહીવટી વ્યવસ્થાના અમલને મદદ મળશે.

**ફરીયાદ નોંધણી અને નિવારણ પધ્ધતિ :** એમ. એન્ડ ઈ, ખાત્રીબધ્ધ ગુણવત્ત માટીની કન્સલ્ટન્સીઓ અને સામાજીક ઓડિટ સહિત ત્રાહીત પક્ષ થકી ઓડિટ, રાજ્યની કક્ષાની એજન્સીઓની બૃહદ સંકલન મીટીંગો અને અન્ય રોકાણકારોના રોકાણ ખાસ મુલ્યાંકન અભ્યાસ અને વિશિષ્ટ તજજ્ઞોના મંતવ્યો સહિત પ્રત્યાયન યોજના અને આ.ટી.આઈ. સંબંધિત પ્રવૃત્તિઓ અમલ, શાસન અને જવાબદારીની પગલાનો અમલ. સ્વાયત્ત (મંડળી) સોસાયટી તરીકે સ્થપાઈ રહેલી એસ.પી.એમ.યુ.ને રાજ્યની ક્ષમતા ઘડતરની આઈ.સી.ઝેડ.એમ. તરીકે પરિયોજના અમલના સમયગાળા દરમિયાન ડી.ઓ.ઈ.ના સાગરકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન માટે ઊભી કરવામાં આવેલી નાણાકીય વ્યવસ્થાપત અને સંપાદન પધ્ધતિ જેવી મોટા ભાગની પધ્ધતિઓ એમ. એન્ડ ઈ. પધ્ધતિઓને મધ્યમ કક્ષાની ક્ષમતા ઘડતર યોજનામાં સાંકળી લેવામાં આવશે.

(૪) ઘટક ચાર : પશ્ચિમ બંગાળમાં આઈ.સી.ઝેડ.એમ.નો માર્ગદર્શક અભિગમ

૩૦. આ ઘટક (૧) પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાના વિસ્તારો સહિતની દરિયાકાંઠા કંપની સેલ માટેની આઈ.સી.ઝેડએમ. યોજનાની તૈયારી સહિત રાજ્ય કક્ષાની એજન્સીઓ અને સંસ્થાઓની ક્ષમતા ઘડતર અને (૨) અગ્રતા રોકાણને સહાય કરશે.

૩૧. <u>પશ્ચિમ બંગાળ માટે આઈ.સી.ઝેડએમ. યોજના</u>

યોજનાના ઘટકો અને યોજનાની જે પ્રક્રિયાને સહાય મળવાની છે તે ગુજરાત માટેના ઘટક બે હેઠળ વર્ણવ્યા મુજબનું રહેશે. ભેદ માત્ર એટલો છે કે સાગરકાંઠાની ભૂરૂપવિદ્યા પર આધારિત રહીને પશ્ચિમ બંગાળના (સુંદરવન પ્રભાગ, હલ્દીયા પ્રભાગ અને શંકરપુર પ્રભાગ) ત્રણેય કાંઠા વિસ્તારને જે જો એક જ દરિયાકાંઠા કાંપ સેલમાં આવેલા હશે તો યોજનામાં આવરી લેવામાં આવશે.

૩૨. <u>પશ્ચિમ બંગાળ રાજ્ય આઈ.સી.ઝેડએમ. ક્ષમતા ઘડતર :</u>

ક્ષમતા ઘડતર પેટા ઘટક વન અને પર્યાવરણ વિભાગ (જે પશ્ચિમ બંગાળ એસ.સી.ઝેડએમ.એ. માટેનું મુખ્ય મથક છે.) પશ્ચિમ બંગાળ રાજ્ય બાયોડાયવર્સિટી બોર્ડ (બાયો ડાયવર્સિટી સ્રોતોના સંરક્ષણ અને / અથવા સંશોધન, દેખરેખ અને રક્ષણ માટે) ધ કલકત્તા (પૃષ્ઠવંશ વિનાના જીવોના સંશોધન અને યાદી માટે) અને ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એન્વાયર્મેન્ટલ સ્ટડીઝ એન્ડ વેટલેન્ડ મેનેજેમેન્ટ (ભુરૂપવિદ્યા અનુ વેટલેન્ડ સંશોધન રસોર્સીઝ ઈન્ટરપ્રિટેશન સેન્ટર સ્થાપવામાં મદદ કરવા માટે) ને સહયોગ આપશે. ગુજરાત અને ઓરિસ્સાના ઉદાહરણ મુજબ પરિયોજના વ્યવસ્થાપન (નીચે ફકરા ૩૪ માં જૂઓ) સહયોગને પશ્ચિમ બંગાળની મધ્યમકક્ષાની આઈ.સી.ઝેડએમ. ક્ષમતા ઘડતર યોજનાને સહાયભૂત થાય તે રીતે ઘડવામાં આવ્યો છે.

૩૩. પશ્ચિમ બંગાળમાં અગ્રતા રોકાણ બે (૧) દિધા - શંકરપરુ અને (૨) સુંદરવનમાં સાગર ટાપુ - વિસ્તારો પુરતું મર્યાદિત કરવામાં આવશે અને જેમાં નીચેની બાબતોનો સમાવેશ થશે.

(ક) કાંઠાના સ્ત્રોતોનું સંરક્ષણ અને રક્ષણ -

(૧) વન વિભાગ દ્વારા મેન્ગ્રુવનું વાવેતર

(૨) સિંચાઈ વિભાગ દ્વારા અગાઉ થયેલા સંરક્ષણ કાર્યોમાંથી મળેલા જ્ઞાન પર આધારિત દિધા બીચ માટે દરિયાકાંઠા રક્ષણમાં માર્ગદર્શક કાર્ય

(૩) સુંદરવન વિકાસ નિગમ દ્વારા સાગર ટાપુના દક્ષિણ છેડા માટે દરિયાકાંઠા રક્ષણમાં માર્ગદર્શક કાર્ય અને

(૪) ઝુઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા દિધા ખાતે દરિયાઈ માછલીઘરની પુનઃસ્થાપના.

(ખ) પર્યાવરણ અને પ્રદૂષણ વ્યવસ્થાપન -

(૧) જાહેર આરોગ્ય વિભાગ દ્વારા દિધાની ગટર વ્યવસ્થા પર્યાવરણલક્ષી સ્વચ્છતાને પુર્ણ કરવી.

(૨) દિધા બીચની સફાઈ અને પર્યાવરણલક્ષી સુધારણા અને દિધા-શંકરપુર વિકાસ સત્તામંડળ દ્વારા દિધામાં ઘન કચરાનું વ્યવસ્થાપન

(૩) મત્સ્યોદ્યોગ વિકાસ નિગમ દ્વારા દિધા ખાતે માછલીના હરાજી કેન્દ્રની સુધારણા અને

(૪) વીજળીના ડીઝલ દ્વારા થતા ઉત્પાદનને બદલે રાજ્ય વીજ - વિતરણ કંપની દ્વારા સાગર ટાપુમાં વીજળીનું સમાજ વિતરણ કરવું અને ભૂમિ અને પાણીના પ્રદુષણને અટકાવવું.

(ગ) દરિયાકાંઠા વસાહતોની આજીવિકા સુરક્ષિત કરવી. - આ પ્રવૃત્તિઓનો સાગર ટાપુમાં અમલ કરવામાં આવશે જેમાં

(૧) મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા માછીમારી પર આધારિત આજીવિકા પધ્ધતિમાં સુધારણા અને

(૨) સુંદરવન વિકાસ નિગમ દ્વારા સી.બી.ઓ. સંકલિત આજીવિકા સુધારણા અને બજાર પ્રવેશને સહાય, વન્યજીવન આધારભૂત આજીવિકામાં સુધારણા એ જ રીતે સ્થાનિક સ્તરે પર્યટન અને પર્યાવરણ પર્યટનની પ્રવૃત્તિને પ્રોત્સાહન જેવી પ્રવૃત્તિઓ.

૩૪. ગુજરાત અને ઓરિસ્સાની જેમ અગ્રિમ રોકાણો અને કાર્યક્ષમતાને સહાય એ એકબીજાના પૂરક છે અને સમાન લક્ષ્ય પાર પાડે છે. આઈ.સી.ઝેડએમ. યોજના સાથે તેઓ બહોળા સાગરકાંઠા વિસ્તાર વ્યવસ્થાપનના મુદ્દાને બે લક્ષ્યાંક આપ્યા છે દરિયાઈ પૂર્ણ વિસ્તાર અને સમગ્ર દરિયાઈ તથા વહાણવટા વિસ્તાર.

૩૫. યોજના વ્યવસ્થાપન :

આ ઉપઘટક સહાય કરશે કર્મચારીઓને અને રાજય યોજના વ્યવસ્થાપન એકમ (એસ.પી.એમ.યુ.)ના કામને. જરરીયાત પ્રમાણેના નાણાકીય વ્યવસ્થા કરવી અને તે પૂરી પાડવાની વ્યવસ્થા પધ્ધતિ. સંચાર વ્યવસ્થાનો યોજના અને આર.ટી.આઈ. સબંધિત

કામગીરીનો અમલ, શાસન વ્યવસ્થા અને ઉત્તરદાયિત્વવાળા કાર્યનો અમલ - ફરીયાદ નોંધણી અને ફરીયાદ નિવારણ પધ્ધતિની સ્થાપના સહિત, એમ એન્ડ ઈ ગુણવત્તા વીમા એજન્સીઓ અને ત્રીજી સંસ્થા ઓડીટ - સામાજીક ઓડિટ બહોળા પ્રમાણની રાજ્ય એજન્સીઓ અને મધ્યસ્થી રોકાણકારો અને ખાસ મુલ્યાંકન અભ્યાસ અને વિશિષ્ટ માહિતી નિષ્ણાંત સાથે સંકલન બેઠકો. એ અપેક્ષિત છે કે, એસપીએમયુ પર્યાવરણ અભ્યાસ માટેની સંસ્થા અને વેટ લેન્ડ વ્યવસ્થા (જે સ્વાયત મંડળ છે.) અસ્તિત્વમાં આવશે. જે યોજનાની અમલવારીના સમય દરમિયાન રૂપાંતરિત થશે. સાગરકાંઠા વિસ્તાર વ્યવસ્થા વિભાગ રાજ્ય આઈસીઝેડએમ ક્ષમતાયોજના પ્રમાણે. મોટા ભાગે યોજનાની વ્યવસ્થા માટે વ્યવસ્થા સ્થપાશે. એ જ રીતે નાણાકીય વ્યવસ્થા અને તે પૂરી પાડવાની વ્યવસ્થા અને એમ એન્ડ ઈ વ્યવસ્થા મધ્યમ સ્તરની યોજના ક્ષમતા મુજબ.

## ૧.૩ પર્યાવરણ અને સામાજીક આકારણી પ્રક્રિયા :

૩૬. પર્યાવરણ અને સામાજીક આકારણીને પૂરક સબંધિત અભ્યાસ :

એમઓઈએફ આયોગ આનુસાંગિક પર્યાવરણ અને સામાજીક આકારણી યોજનાને પ્રભાવિત વધારાની યજનાના પરિણામ સુસંગત અભ્યાસ છે. (૧) એકબીજા સાથે સંકળાયેલ વિસ્તારની (ઈએસએએસ) માન્યતા અને અન્વેષણ કાર્યપધ્ધતિનો નિર્ણયાત્મક અભ્યાસ. ઈએસએસએની સાગરકાંઠા વ્યવસ્થા વિસ્તારની દેશમાં ઓળખ અને નકશો તૈયાર કરવાની ક્ષમતા સબંધિત સંસ્થા અંગે આ અભ્યાસ તારણ બાંધે છે. (૨) મુલ્યાંકિત અને જુદા જુદા રોકાણકારો અને સાગરકાંઠા પર્યાવરણની સાચવણીની ભારતમાં છેલ્લા ૧૦ વર્ષની યોજનાઓનો વ્યવસ્થા અસરકારક અભ્યાસ. આ અભ્યાસ જે યોજનાઓ / રોકાણોની યોજનાનો નકશો સુધારણાના અભ્યાસકાર્યનું તારણ છે (૩) યોજના માટે

પ્રત્યાયન કુશળ વ્યુહરચનાનું તારણ અને વિકસીત પ્રત્યાયન જરૂરી છે. (૪) આ અહેવાલ જોખમી રેખાંકિત નકશા અને સીમા બાંધણીની રીત અને સાધન સામગ્રીનું વર્ણન કરે છે.

૩૭. વધુમાં ગુજરાત, ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળ રાજ્યોએ આનુસાંગિક અભ્યાસક્રમો / અહેવાલો તૈયાર કર્યા છે. (૧) રાજ્ય અહેવાલ સાગરકાંઠા વિસ્તારની સ્થિતિ વ્યવસ્થા, દરમિયાનગીરીની આવશ્યકતા, અમલવારીની વ્યવસ્થા વગેરે વર્ણવે છે. (૨) પસંદ કરાયેલા દરિયાકાંઠાના ચોક્કસ વિસ્તારો માટે આઈસીઝેડએમ યોજના તૈયાર કરવા માટે સંદર્ભની શરતોનો મુસદ્દો (૩) દરેક અગ્રીમ રોકાણો માટે વિગતવારના પ્રોજેક્ટ રીપોર્ટ, દરેક વિગતવાર પ્રોજેક્ટમાં પર્યાવરણલક્ષી અને સામાજીક આકારણીઓ ઉપર કલમો સમાવાયેલી છે. (૪) રાજ્યો પણ દરિયાકાંઠાના જૈવિક ચક્રનું મૂલ્યાંકન કરવા માટે અભ્યાસ હાથ ધરી રહ્યા છે. (ગુજરાતમાં કોરલ રીફ, વેસ્ટ બેંગાલમાં મેન્ગ્રુવ્ઝ, ઓરિસ્સામાં બન્ને) જેથી પહેલેથી જ પ્રાપ્ય હોય તેવા મૂલ્યાંકન અભ્યાસોમાં પૂરક માહિતી ઉમેરી શકાય.

૩૮ સ્વતંત્ર પર્યાવરણ અને સામાજિક મૂલ્યાંકન (પર્યાવરણ અને વિકાસ કેન્દ્ર, થીરુવન્તપુરમ દ્વારા )

પ્રોજેકટ માટે અપનાવવામાં આવેલી પર્યાવરણ અને અને સામાજિક મૂલ્યાંકન પ્રક્રિયામાં સર્વાંગી અભિગમ અપનાવીને પર્યાવરણીય અને સામાજિક પ્રશ્નોનું બૃહદ તેમજ સૂક્ષ્મ સ્તરે મૂલ્યાંકન કરીને સંકળાયેલા જોખમો નકકી કરવામાં આવેલા, અને તેની સાથો સાથ અસંભવિત અસરો અને સૂચવેલા વ્યવસ્થાપન પગલા પણ નકકી કરવામાં આવેલા, અને તેની સાથેસાથ સંભવિત અસરો અને સૂચવેલા વ્યવસ્થાપન ગણગલા પણ નકકી કરવામાં આવેલા. ભારત સરકે પ્રવર્તમાન સસરકારક નિયંત્રણ પ્રણાલીમાંઠથી આઈસીઝેડએમ અભિગમો અપનાવવા માટેનો એક કાર્યક્રમ (રાષ્ટ્રીય પર્યાવરણ નિતિ, ૨૦૦૫ અનુસાર)

વધુ બૃહસ સ્તરે કરવા ધારેલો. જો કે પ્રોજેકટથી નીતિ અથવા નિયમનમાં એવા કોઈ પરિવર્તન થયેલા નથી; તેમ છતાં બદલાયેલી કોઈ નીતિ અથવા નિયમનના અમલીકરણને તેનો આધાર મળે છે. તેથી જ બૃહદ સ્તરે, પર્યાવરણીય અને સામાજિક મૂલ્યાંકનથી નિયંત્રક અસર મૂલ્યાંકન હાથ ધરવામાં આવેલું. મૂલ્યાંકનથી ક્ષેત્રોને (વ્યવસ્થાપન પ્રક્રિયા અને પ્રશ્નો)નું સ્પષ્ટ વર્ણન કરવામાં આવેલું જેનાથી પ્રોજેકટના હસ્તક્ષેપને લીધે ક્ષેત્રો સંગીન બનશે અને નિયમનમાં ફેરફાર કરવામાંથી ઉદભવતા સંભવિત જોખમોનું નીતિ અને નિયમનમાં સૂચિત સુધારા દ્વારા પૂરતી રીતે શમન અને વ્યવસ્થાપન થાય છે કે કેમ તે સુનિશ્ચીત કરી શકાશે. મહત્વના મુદ્દાઓ આ રીતે દર્શાવવામાં આવ્યા છે :

૧) સમુદ્રતટીય ઝોનનું વિકેન્દ્રિત આયોજન અને વ્યવસ્થાપન સ્વીકારાવમાં આવે તો વપરાશ માટે હાલના સંરક્ષિત ઈકોલૉજીકલી સંદેશનશીલ વિસ્તારો ખુલ્લા થવાના કારણે થતા મહત્ત્વના પ્રશ્નો. . તેમ છતાં નીતિ અને વિનિયમોમાં સૂચિત સુધારાથી હાલની સંરક્ષણ નિયમપ્રણાલી મંદ નથી પડતી બલ્કે સુદૃઢ થાય છે.

૨) તમામ ઈકોલૉજીકલી સંવેદનશીલ વિસ્તારો (જેમાંના ઘણા બધા હાલ સંરક્ષિત નથી તેતે) નકકી કરીને વર્ણન કર્યા બાદ પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા તેનું ઝોનિંગ કરવા માટે પ્રોજેકટની સહાયથી વધુ સંગીન બતાવવા ધાર્યું છે. આઈસીઝેડએમ સભિગમથી નિયંત્રક સંરક્ષણની હાલની સ્થિતિ ઉપર એક મોટા લાભ તરીકે ઈકોલૉજિકલી સંવેદનશીલ વિસ્તારોના સંરક્ષણને નાણા પૂરા પાડવામાં મૂડીરોકાનો પણ વધુ સરળ બનશે

૩) સંકલિત વ્યવસ્થાપનથી આવા સંસાધનો પર નભતી સંવેદનશીલ સંમુદ્રતટીય અને સમુદ્રી સમુદાયો માટે પરંપરાગત અને રૂઢીગત પ્રવેશની હાનિમાં પરિણમશે કે કેમ તે બીજી દેખીતી સમસ્યાછે. ભારત સરકારી નીતિ મુજબ આઈસીઝેડએમ

યોજનાઓના ત્રણમાંથી એક મુખ્ય ઉદેશ સમુદ્રતટીય વસ્તીની આજીવિકા સુરક્ષિત રહે તે સુનિશ્ચિત કરવાનો છે. આ પ્રોજેકટ કચ્છના અખાત, ગોપાલપુર ચિલકા, પેરાદીય - ધમા અને પશ્ચિમ બંગાળ સમુદ્રતટ માટેની સ્થાયી વ્યવસ્થાપન પ્રક્રિયાઓની જેમ આઈસીઝેડએમ યોજનાઓ તૈયાર કરવાના આધારરૂપ કોઈ એવું સુનિશ્ચિત કરવામાં આવશે કે આઈસીઝેડએમની યોજના પ્રક્રિયાઓમાં મધ્યસ્થી જૂથોની ખાસ કરીને સમુદ્રતટીય અને સમુદ્રી સંસાધનો પર નભતી સંવેદનશીલ વસ્તીની સંપૂર્ણ સહભાગિતા અને સમાવેશ હોય આનાથી એવું વધુ સુનિશ્ચિત કરવામાં આવશે કે સમુદ્રતટીય અને સમુદ્રી સંસાધનોના સમાન હિસ્સા અને તેની પરંપરાગત સુલભ્યતાની સાચવણી આઈસીઝેડએમ યોજના અને નિર્ણય - પ્રક્રિયામાં પૂરતો સામાવેશ થાય. પ્રોજકેટની ડિઝાઈન અને પર્યાવરણ અને સામાજિક મૂલ્યાંકન પ્રોકટની સંભવિત પ્રતિકૂળ અસરો - સ્થાનિક તેમ જ સ્થળ કક્ષાએ તેમ બન્ને અને નિવારણ શમન અને વ્યવસ્થાપનના સૂચિત પગલાની ચકાસણી કરેલી છે.

૩૯ પર્યાવરણીય / સામાજિક મૂલ્યાંકન વિસ્તૃત મોજણી (મુલ્ય અને ગૌણ) અને ભારતમાં હાલ ધરેલ સમુદ્રતટીય ઝોન વ્યવસ્થાપન અભ્યાસોને લગતી જુદી જુદી સંસ્થાઓ તરફથી મળેલા અભ્યાસ સહેવાલોની સમીક્ષા તેમ જ પ્રોજેકટ દ્વારા નાણા પૂરા પાડવામાં આવનાર અગ્રતા મૂડીરોકાણનો વિસ્તુત પ્રોજેકટ રિપોર્ટ (ડીપીઆર), રાજ્ય સમુદ્રતટીય સમસ્યાઓ અને વિકાસના સંદર્ભમાં તેને સંબંધી અવલોકનો પૂરા પાડતા રાજય પ્રોજેકટ રિપોર્ટ (એસપીઆર) અને ભાગ લેતા રાજયોની અને અગ્રતા મૂડીરોકાણના સ્થળોની ક્ષત્રીય મુલાકાતો પર આધારિત હતુ. તે ઉપરાંત રાજ્ય સીઝેડએમ સત્તામંડળોના વરિષ્ઠ અધિકારીઓ અને અન્ય સંબંધિત વિભાગો અને ક્ષેત્રીય એજન્સીઓ અને પર્યાવરણ અને વન મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓ સહિત તજજ્ઞો તેમ જ મધ્યસ્થીઓ સાથે પરામર્શ

કરવામાં આવેલો. વધુમાં આઈસીઝેડએમ પ્રોજેકટના મહત્વના લાભાર્થીઓ તરીકે આદિજાતિ જેવી સંવેદનશીલ વસ્તી અને પરંપરાગત રહીશો સહિત સમુદ્ર તટીય વસ્તીને ધ્યાનમાં લેતા આઈસીઝેડએમ પ્રોજેકટમાં લાભના હિસ્સાની પ્રક્રિયાના મૂલ્યાંકનનો પણ સમાવેશ કરવામાં આવેલો

## ૧.૪ નીતિ નિયમનકારી ઢાંચો અને અનુપાલન

૪૦. સંવૈધાનિક જોગવાઈઓઃ

ભારત સહકારી સમવાય તંત્રના માળખાની અંદર ત્રિસ્તરીય સરકાર ધારવે છે. પ્રથમ સ્તરે કેન્દ્ર સરકાર દ્વિતીય સ્તરે રાજય સરકાર અનો તૃતીય સ્તરે પંચાયત તંત્ર તરીકે ગ્રામીણ સ્તરે કામ કરતું તંત્ર છે. ભારતના સંવિધાનની મહત્ત્વની લાક્ષણિકતા એવી સૂચિ (યાદી) છે કે જે કેન્દ્ર અને રાજય સરકારો વચ્ચેની જવાબદારીઓને લોકશાહીયુકત બનાવે છે. ભારતના સંવિધાનના પ્રકરણ - ૯થી કેન્દ્ર અને રાજયો વચ્ચેના વહીવટી અને વૈદ્યાનિક સંબંધોનું નિયમન થાય છે. અનુચ્છેદ ૨૪૬થી વિધાનના તમામ ત્રણ વિષયક્ષેત્રોને ત્રણ યાદીમાં (સૂચિમાં) એટલે કે સંઘ/કેન્દ્રયાદી, રાજયયાદી અને સમવર્તી યાદીમાં વિભાજિત કરી નાખવામાં આવ્યા છે. જ્યારે કોઈ કેન્દ્રીય કાયદાને સમવર્તી વિષયમાંના રાજય કાયદા સાથે સંઘર્ષ થાય ત્યારે કેન્દ્રીય કાયદાની અસર ઉપરવટ હોય છે. ભારતમાં પર્યાવરણ નિતિઓ અને નિયમનોથી નાજુક સંવેદનશીલ પર્યાવરણ ઈકોસિસ્ટમનું સંરક્ષણ કરવાના અને અપૂર્ણ વપરાશને સ્થાનીય રીતે અલગ કરવાના હેતુથી સમુદ્રતટીય ઝોનિંગના ઉપયોગથી સમુદ્રતટીય સમસ્યાઓનો ઉકેલવાનો પ્રયાસ કરવામાં આવે છે. સમુદ્રતટીય વિકાસ પર્યાવરણીયના આંતરસંબંધને લાગુ પડશે તેવી મહત્તવની ભારતીય નીતિઓ ભારતના સંવિધાન અને ભારત જેમાં પક્ષકાર તરીકે છે તેવી આંતરરાષ્ટ્રીય સમજૂતીઓમાં

આપેલી છે. વધુમાં ક્ષેત્રીય વિકાસ અને આવા વિકાસમાંથી પણર્યાવરણના જતન માટેની પર્યાવરણીય નીતિઓ અને વિધાન પણ છે.

૪૧. ભારતે હસ્તાક્ષર કરેલા આંતરરાષ્ટ્રીય કરાર અને સંધિ :

ભારતે પર્યાવરણ સંરક્ષણ સંબંધી વિવિધ આંતરરાષ્ટ્રીય કરાર અને સંધિઓમાં સહી કરેલી છે અને અમલીકરણ માટે સંખ્યાબંધ પગલાં લીધેલાં છે. આ પ્રોજેકટ તરતે હસ્તાક્ષર કરેલ સંબંધિત દરેક કરાર અને સંધિઓને તદ્દન સંગત છે.

૪૨. સમુદ્રતટીય વિસ્તારો અને સમુદ્રી વિસ્તારો સંબંધી રાષ્ટ્રીય નીતિઓ

સમુદ્રતટીય અને સમુદ્રી વિસ્તારોના સંબંધમાં વખતો વખત ઘડવામાં આવેલી ઘણીબધી રાષ્ટ્રીય / રાજ્ય નીતિઓ છે અને તેમાંની મહત્તવની નીતિઓમાં રાષ્ટ્રીય પાણી નીતિ ૧૯૮૭ ૨૦૦૨ રાષ્ટ્રીય વન નીતિ ૧૯૮૮ આંતર સમુદ્રી માછીમારી નીતિ ૧૯૯૧ પ્રદૂષણ શમન નીતિ નિદેશન૧૯૯૨ પ્રવાસન નીતિ ૧૯૯૮ રાષ્ટ્રીય કૃષિ નીતિ ૨૦૦૦ સમુદ્રી માછીમારી નીતિ ૧૯૯૨ રાષ્ટ્રીય પર્યાવરણ નીતિ ૨૦૦૬ રાષ્ટ્રીય પુનર્વસન અને પુનઃસ્થાપન નીતિ ૨૦૦૭ની ચકાસણી પર્યાવરણ / સામાજિક મૂલ્યાંકનની તૈયારી દરમિયાન જ કરવામાં આવેલી અને પ્રોજેકટમાં કોઈ પણ નીતિ બાબતે સંઘર્ષ જણાયેલ નથી.

૪૩. કાનૂની અને નિયંત્રક કાંચો

ભારતમાં સમુદ્રતટીય વિસ્તારોને લાગુ પાડવાપાત્ર મહત્ત્વની વૈધાનિક જોગવાઈઓમાં જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ ભારતનો મત્સ્યોદ્યોગ અધિનિયમ ૧૮૯૭ ભારતનો બંદર અધિનિયમ ૧૯૦૮ તટરક્ષક અધિનિયમ ૧૯૫૦ વેપારી વહાણવટા અધિનિયમ

૧૯૫૮ નમૂનારૂપ નગર અને દેશ આયોજન અધિનિયમ ૧૯૬૦ મોટા બંદર ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૬૩ વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૩ (સન ૨૦૦૧માં સુધારેલો); પાણી (પ્રદૂષણનું નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૭૪; ભારતનો મેરીટાઈમ ઝોન (વિદેશી જહાજો દ્વારા માછીમારી પર નિયમન) અધિનિયમન, ૧૯૭૬; દરિયાઈ માછીમારી નિયમન અધિનિયમ ૧૯૭૮ વન સંરક્ષણ અધિનિયમ ૧૯૮૦ (સન ૧૯૮૮માં સુધાર્યા મુજબનો) હવા (પ્રદૂષણનું નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ ૧૯૮૧ પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ ૧૯૮૬ જોખમ કચરા (વ્યવસ્થાપાન અને હેરફેર) નિયમો ૧૯૮૯ સમુદ્રતટીય ઝોન નિયમન જાહેરનામુ ૧૯૯૧ રાષ્ટ્રીય પર્યાવરણ ટ્રિબ્યુનલ અધિનિયમ ૧૯૯૫ રાષ્ટ્રીય પર્યાવરણીય અપીલ સતામંડળ અધિનિયમ ૧૯૯૫ જૈવ વૈવિધ્ય અધિનિયમ ૨૦૦૨ પર્યાવરણ અસર મૂલ્યાંકન જાહેરનામુ ૨૦૦૬ અનુસૂચિત આદિજાતિ અને પરંપરાગત વનવાસી (વન હકની માન્યતા) બાબત અધિનિયમ ૨૦૦૬ રાષ્ટ્રીય પુનઃસ્થાપન અને પુનર્વસન નીતિ ૨૦૦૭ સૂચિત જમીન સંપાદન અને પુનર્વસન અને પુનઃસ્થાપન વિધેયક, ત્રણ પ્રોજેકટ રાજયોમાંના રાજ્યના ખાસ અધિનિયમો / વિનિયમોમાં જેનો સમાવેશ થાય છે તે ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ ૨૦૦૩ ઓરિસ્સા દરિયાઈ માછીમારી નિયમન અધિનિયમ ૧૯૮૨ (ઓએમએફઆરએ) અને તે હેઠળના નિયમો ઓરિસ્સા રાજય પુનર્વસન અને પુનઃ સ્થાપન નીતિ પશ્ચિમ બંગાળ માછીમારી વિનિયમ અધિનિયમ ૧૯૯૩ અને નિયમો ૧૯૯૫નો સમાવેશ થાય છે. આ પ્રોજેકટ ઉપર મુજબના જ્યાં લાગુ પડવાપાત્ર હોય તે દેરક કાયદા અને વિનિયમો અનુસાર અને તેને સુસંગત છે.

૪૪. પ્રોજેકટ પ્રવૃત્તિઓ માટે નિયમનકારી પરવાનગી જરૂરિયાતો :

પ્રોજેકટ પ્રવૃત્તિઓ સમુદ્રતટીય નિયમન ઝોન જાહેરનામા ૧૯૯૧ હેઠળ પરવાનગીપાત્ર હોવાથી દરેક પ્રોજેકટ પ્રવૃત્તિનું આયોજન અત્યંત કાળજીપૂર્વક કરવામાં આવ્યું છે. વધુમાં રાજ્ય કક્ષાના દરેક પ્રોજેકટના ઘટકો ડિસેમ્બર ૨૦૦૯ સુધીમાં રાજય સમુદ્રતટીય ઝોન વ્યવસ્થાપન સત્તા મંડળો દ્વારા સ્વીકૃતિ આપવામાં આવશે. સમગ્ર પ્રોજેકટ માટે રાષ્ટ્રીય સમુદ્રતટીય ઝોન વ્યવસ્થાપન સત્તામંડળની સ્વીકૃતિ જાન્યુઆરી ૨૦૧૦ સુધીમાં મળી જશે. પ્રોજેકટ પ્રવૃત્તિઓમાંની  એક પ્રવૃત્તિ એટલે કે ઓસીસ્સાના પેરાદીય ખાતે ઘન કચરા જમીન પૂરાણો અને પ્રક્રિયા સવલતમાં ઓરિસ્સા રાજય પર્યાવરણીય અસર મૂલ્યાંકન સત્તામંડળ (ઓસીસ્સા રાજય એનવાયરનમેન્ટલ ઈમ્પેકટ એસેસમેન્ટ ઓથોરીટી તરફથી પર્યાવરણીય અસર મૂલ્યાંકન જાહેરનામા ૨૦૦૬ હેઠળ અલગથી પરવાનગી મળી જશે, જે આ પ્રવૃત્તિનું અમલીકરણ થાય તેનાથી ઘણી વહેલી એટલે કે જાન્યુઆરી ૨૦૧૦માં મળશે.

૪૫. લાગુ પડવાપાત્ર વિશ્વબેંક નીતિઓ

પર્યાવરણ અને સામાજિક સલામતી પગલાને લગતી વિશ્વ બેંકની નીચેની નીતિઓ પ્રોજેકટને લાગુ પડવાપાત્ર છે અને પ્રોજેકટને આ નીતિઓ (૧) પર્યાવરણી મૂલ્યાંકન ઓપી ૪.૦૧ (૨) કુદરતી વસવાટ ઓપી ૪.૦૧ (૩) મૂળ રહીશો ઓપી ૪.૧૦ (૪) સાંસ્કૃતિક સંપત્તિ ઓપી ૪.૧૧ (૫) અસ્વૈચ્છિક પુનઃસ્થાપન ઓપી ૪.૧૨ અને (૬) જંગલો ઓપી ૪.૩૬ના સિધ્ધાંતો અને આવશ્યકતાઓ અનુસાર ઘડવામાં આવેલો છે.

## ૧.૫ મધ્યસ્થી પરામર્શ પ્રક્રિયા

૪૬ આ પ્રોજેકટને ઘણા લાંબા સમયથી વિશાળ પાયા પર મધ્યસ્થીઓ તરફથી મળતા પરામર્શનો લાભ મળી રહ્યો છે. આમા પર્યાવરણીય / સામાજિક પરામર્શી ઓ દ્વારા હાથ ધરેલા પરામર્શ; પર્યાવરણ અને વન મંત્રાલય, ઉકત મંત્રાલય દ્વારા નિયુકત સંસ્થાઓ, રાષ્ટ્રી અને રાજય સ્તરે ગઠિત અન્ય સમિતિઓના પરામર્શનો સમાવેલ થાય છે. જાહેરનામા ૨૦૦૮ માટે હાથ ધરેલ નીતિ સ્તરીય પરામર્શમાંથી પણ નિવેશ મેળવવામાં આવ્યા છે.

૪૭ રાજયોમાં અગ્રતા મૂડીરોકાણ માટેના મધ્યસ્થી પરામર્શની રચના :

(૧) નિર્ણય પ્રક્રિયામાં સમાવિષ્ટ કરેલ તમામ કક્ષા નિર્દિષ્ટ કરેલા સંવેદનશીલ તમામ વર્ગોના લોકો / સમુદાયો

(૨) ખાસ કરીને પ્રોજેકટના સ્થાપનને લગોલગ શોધી કાઢેલા પ્રાકૃતિક સંસાધન આધાર અને સમુદાયો વચ્ચેનો સંપર્ક

(૩) સમગ્ર પ્રોજેકટ ઘટકો અને અગ્રતા મૂડીરોકાણો પર જનજાગૃતિ અને માહિતીનું આદાનપ્રદાન જેમા૦ લાગુ પડવાપાત્ર વિકલ્પો લાભ અને હકોનો પણ સમાવેશ થાય છે. અને

(૪) પ્રોજેકટની ડિઝાઈન અને ઉકેલ અંગે જનતા તરફથી મળેલા મંતવ્યોનો સમાવેશ કરીને કરવામાં આવેલી આ પ્રક્રિયામાંથી મળેલા પરિણામોનો ટેકનિકલી રીતે શકય હોય ત્યાં ડિઝાઈનમાં સમાવેશ કરવામાં આવેલો

૪૮ સીઆરઝેડની સુધારણા અને સીએમઝેડ જાહેરનામું ઘડવા માટે પરામર્શ

જુદા જુદા મધ્યસ્થીઓ તરફથી વિસ્તૃત રીતે મળેલા પરામર્શ અને બિનસરકારી સંસ્થાઓ સાથે યોજેલી સઘન ચર્ચામાંથી નીપજેલા પરામર્શોને સ્વામીનાથન સમિતિ અહેવાલમાં ટાંકયા મુજબ જે બિનસરકારે સંસ્થાઓનો પરામર્શ લેવામાં આવ્યો હતો તેમનું પ્રાથમિક મંતવ્ય એવું હતું કે સીઆરઝેડ જાહેરનામાં વાંરવાર છૂટછાટો / મુકિત મૂકવામાં  આવી છે અને સુધારવામાં આવ્યું છે. (આશરે ૨૫ વખત) અને દરેક વખતે પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ ૧૯૮૬ અને સીઆરઝેડ જાહેરનામાના સિધ્ધાંતો અને ઉદેશોની વિરૂદ્ધમાં જઈને વિકાસકીય પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે જ સુધારા / છૂટછાટો મૂકવામાં આવેલ છે. મહત્તવના સૂચનોમાં જાહેરનામાના અમલીકરણમાં વધુ પારદર્શિતા ને જવાબદારી ધરાવતા ચૂસ્ત અમલબજવણી વ્યવસ્થાતંત્રની જરૂરિયાતનો સમાવેશ કરવામાં આવેલો. વધુમાં સમુદ્રતટીય સંસાધનો પર નિર્ભર હોય તેવા માછીમાર સમુદાયો અને અન્ય લોકોના હકોનું સંરક્ષણ કરીને જાહેરનામાને સંગીન બનાવવું જોઈએ.

૪૯ જાહેરનામાના મુસદ્દા પર પર્યાવરણ અને વન મંત્રાલયને મળેલી ટિપ્પટીઓ / સૂચનો ઉપરાંત વિવિધ સંગઠનો દ્વારા જુદા જુદા પરામર્શો પણ હાથ ધરવા આવ્યા હતા. જાહેરનામા ૨૦૦૮ના મુસદ્દા પર પર્યાવરણ અને વન મંત્રાલયને મળેલી ટિપ્પણીઓને ચકાસવા માટે અને સમુદ્રતટીય ઝોનના સંકલિત વ્યવસ્થાપન માટે નીતિ અને કાનૂની ઢાંચા પર સલાહ આપવા માટે એક નિર્દષ્ટ ઉચ્ચ સ્તરીય સમીક્ષા સમિતિની (જેના અધ્યક્ષપદે ફરીથી પ્રો. સ્વામીનાથન હતા) રચના કરીને આ કામગીરી કરવામાં આવેલી. તજજ્ઞ સમિતિનું એવું તારણ હતું કે સમુદ્રતટીય ઝોન વ્યવસ્થાપન જાહેરનામું ૨૦૦૮ને રદ કરવામાં આવે. ત્યારબાદ, પર્યાવરણ અને વનમંત્રાલયને આબોહવા પરિવર્તન પ્રેરિત સમુદ્ર સપાટીનો વધારો અને સમુદ્રતટીય સંસાધનો પર નભતી વસતી અને જૈવ વૈવિધ્યના

દબાણના સંભવિત નવા સંભવિત પડકારોને ધ્યાનમાં લઈને અનુકૂળ સુધારા / વધારા ધરાવતા મૂળભૂત ઢાંચા તરીકે સીઆરઝેડ જાહેરનામા ૧૯૯૧ મુજબતું એક સુધારેલું જાહેરનામું ઘડવા માટેની સલાહ આપવામાં આવી છે.

૫૦ સીએમઝેડ જાહેરનામાના મુસદા પર રાજ્ય સત્તાધિકારીઓ સાથેના પરામર્શ :

વૈજ્ઞાનિક માહિતી અને સિધ્ધાંતોને આધારિત જોખમ રેખાના સીમાંકન માટેનો સૂચિત અભિગમ પ્રત્યે રાજય સત્તાધિકારીઓ હકારત્મક હતા. તમામ રાજયો એક વાત પર સહમત થાય છે કે સમુદ્રતટીય વ્યવસ્થાપન માટેની આવી સ્થાપના જરૂરી છે તેમ છતાં સમયગાળો (૧૦૦ વર્ષમાં ૨૧ અથવા તેથી ઓછા)ની બાબતમાં ચચાર્ કરવાની રહે. સેટબેક લાઈન ને બદલે મૂકવાની જોખમ રેખાના ખ્યાલને તમામ રાજય / સંઘ રાજયક્ષેત્રો દ્વારા એવી સર્વસંમતિથી આવકારવામાં આવેલો કે પછી ૧૦ વર્ષ બાદ તેના ધોરણોની ચકાસણી કરવી. અનુકુળ ફેરફારો ધરાવતા વિદ્યમાન સીઆરઝેડ નિયમન ધરાવવા માટે નકકી કરેલા મોટાભાગના સમુદ્રતટીય રાજયોએ સહભાગી વ્યવસ્થાપનનો આગ્રહ રાખેલો જે જોખમ રેખાના વર્ણન માટે સ્વામીનાથન અહેવાલનો અર્ક ગણાય. રાજ્ય સરકારો અને સંઘરાજય ક્ષેત્રોનો એવો અભિપ્રાય હતો કે સ્થાનિક સરકારોને સમુદ્રતટીય નિયમન અને આઈસીઝેડએમનો અમલ કરવા માટે વધુ સત્તા આપવી જોઈએ. બેઠક દરમિયાન રાજય સમુદ્રતટીય ઝોન વ્યવસ્થાપન સત્તામંડળને સંગીન બનાવવા માટેના સૂચનો પણ કરવામાં આવેલા. સીએમઝેડ જાહેરનામાના મુસદ્દા પર મળેલા સૂચનો અને વાંધા પર્યાવરણ અને વન મંત્રાલયને મોકલી આપવામાં આવ્યા છે. અને મંત્રાલય દ્વારા તેની અનુવર્તી કાર્યવાતીની રાહ જોવાઈ રહી છે.

૫૧ પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા નિયુક્ત કરવામાં આવેલ એનજીઓ દ્વારા સૂચિત સીએનઝેડ નોટિફિકેશન માટે કરવામાં આવેલ મુલાકાતો :

સેન્ટર ફોર એનવાયરોનમેન્ટ એજ્યુકેશન (સીઈઈ) દ્વારા દરિયાકાંઠાના ૧૩ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ૩૫ મુલાકાતો ગોઠવવામાં આવી હતી (જુલાઈથી ઓગષ્ટ-૨૦૦૮). આ મુલાકાતો સ્થાનિક લોકસમુદાયોના પ્રતિનિધિઓ અને એનજીઓ સાથે ગોઠવવામાં આવી હતી. આ મુલાકાતોનો અહેવાલ સપ્ટેમ્બર -૨૦૦૮માં વન અને પર્યાવરણ મંત્રાલયને સાદર કરવામાં આવ્યો હતો. મુલાકાતો દરમિયાન ઉદ્‌ભવેલી કેટલીક મુખ્ય મુખ્ય બાબતોનો સાર નીચે મુજબ છે. (i) કેટલાક સુધારાઓ સાથે કોસ્ટલ રેગ્યુલેશન ઝોન ચાલુ રાખવો. (ii) સેટબેક લાઈન, ઈકોલૉજીકલી સેન્સેટીવ વિસ્તારો, ઈન્ટીગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ અને તેની મેથોડોલોજી વિગેરે બાબતે સ્પષ્ટ સમજણ મેળવવી. (iii) સીઆરઝેડ નોટીફિકેશન ૧૯૯૧ કે જેમાં દરિયા કાંઠાના વિસ્તારોનો પ્રબંધ કરવા માટેની પૂરતી જોગવાઈ છે તેના ઉલ્લંઘન બદલ દંડની જોગવાઈમાં સુધારો કરવો. (iv) સીએમઝેડ નોટીફિકેશન ૨૦૦૮ના ફ્રેમવર્કનો મુસદ્દો બનાવવામાં સ્થાનિક લોકસમુદાયોનો સમાવેશ કરવો. (v) કોર્પોરેટ એક્ટીવીટીઝને પ્રમોટ કરવા માટે તેમજ લીગલાઈઝ કરવા માટે જેનું ઈન્ટરપ્રિટેશન શક્ય બની શકે છે તેવા સીએમઝેડ નોટીફિકેશન ૨૦૦૮ અંગેની ચેતવણી, સ્પેશ્યલ ઈકોનોમી ઝોન (એસઈઝેડ) પ્રમોટ કરવું અને તે મુજબ સ્થાનિક સમુદાયોના મૂળભુત અધિકારોને ધ્યાનમાં લીધા વગર કાંઠાળ વિસ્તારો અને સંસાધનો ખૂલ્લાં કરવા. (vi) સૂચિત સીએમઝેડ નોટિફિકેશન - ૨૦૦૮ના પ્રબંધની મેથોડોલોજીમાં રાજ્ય સરકારો અને સ્થાનિક સત્તાઓની ભૂમિકા ઉચિતરૂપે જાળવવી જેનાથી સ્થાનિક લોકસમુદાયો અને તેના પ્રતિનિધિઓના મૂળભુત અધિકારો જાળવી શકાય અને તેઓ કામગીરીના આયોજનમાં સહભાગી બની શકે. (vii) ખાસ કરીને સાગરખેડૂઓના હિતને ધ્યાનમાં લેતાં સીઆરઝેડ નોટિફિકેશન-૧૯૯૧ વધારે નબળો પડી શકે છે તે અંગેની દહેશત. (viii) પરંપરાગત કાંઠાળ લોકસમુદાયો અને કાંઠાની પર્યાવરણ પ્રણાલિના રક્ષણ માટે ઉચિત ધારો (એક્ટ) બનાવવાની જરૂરિયાત. આ

પ્રકારનો ધારો બનાવવા માટે વિધાનસભાના ચૂંટાયેલા સભ્યોએ ચર્ચા-વિચારણા કરવી જોઈએ.

૫૨ પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પ્રોજેક્ટના કમ્પોનન્ટ માટે કરવામાં આવેલ મુલાકાતોઃ

હેઝાર્ડ રેખાની વ્યાખ્યા કરવા માટેના પરિબળો અને આવી હેઝાર્ડ લાઈન નકશા ઉપર અંકિત કરવા અંગેના નેશનલ કમ્પોનન્ટ બાબતે એમઓઈએફ દ્વારા મુલાકાતો કરવામાં આવી હતી. આ ઉપરાંત પર્યાવરણની દૃષ્ટિએ સંવેદનશીલ વિસ્તારો (આવા વિસ્તારો પસંદ કરવા માટેના ક્રાઈટેરીયા અપનાવવા) અને ભારતના કાંઠાળ વિસ્તારોનો સંકલિત રૂપે પ્રબંધ કરવા માટેની ક્ષમતાની ચકાસણી પણ કરવામાં આવી હતી. આ માટે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય તજજ્ઞો સાથે ચર્ચા-વિચારણા અને રાષ્ટ્રીય સ્તરની તેમજ પ્રાદેશિક સ્તરે કાર્યશાળાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સહભાગી રાજ્યો જેવા કે - ગુજરાત, ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળ દ્વારા પોતાના વિસ્તારોમાં વિવિધ પ્રકારના હિત ધરાવનારા જુથોને સામેલ કરી ઔપચારિક તેમજ અનૌપચારિક ચર્ચા-વિચારણાઓ અને મુલાકાતો કરવામાં આવી હતી. હિત ધરાવનારાઓ દ્વારા વ્યક્ત કરવામાં આવેલ મુદ્દાઓને લક્ષમાં રાખી જેટલી હદે પ્રસ્તુત હોય તે મુજબ રાજ્ય અમલીકરણ સંસ્થાઓ દ્વારા પ્રોજેક્ટ ડિઝાઈનમાં સમાવવામાં આવ્યા હતા.

૫૩ કોમ્યુનિકેશન કન્સલટન્ટ દ્વારા વિવિધ પ્રોજેક્ટ કમ્પોનન્ટ માટે કરવામાં આવેલી મુલાકાતોઃ

પ્રોજેક્ટ સંબંધિત કોમ્યુનિકેશન રણનીતિ નક્કી કરવા માટે એમઓઈએફ દ્વારા નિયુક્ત કરેલ કન્સલટન્ટ દ્વારા વિવિધ હિત ધરાવનારા જુથોમાં આઈસીઝેડએમ પ્લાન વિશે જાગૃતિ પેદા કરવા માટે આ સમૂહને લક્ષ્ય બનાવવા આવ્યું હતું. પ્રસ્તુત બાબતે ખોટી વિચારસરણી નાબૂદ કરવી અને આ પ્રકારના જુથો આઈસીઝેડએમ દૃષ્ટિકોણને અપનાવે

તેવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. પ્રચાર અને પ્રસાર વિષયક, હિત ધરાવનાર જુથો અને પ્રોજેક્ટ ઓથોરિટિ વચ્ચે અંદરો અંદર બન્ને બાજુની ચેનલ નિર્મિત કરવી કે જેથી પ્રોજેક્ટની ડિઝાઈન અને અમલીકરણમાં મદદ થઈ શકેઃ સ્થાનિક રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે પ્રોજેક્ટના અમલીકરણમાં જોડાયેલી સંસ્થાઓની કોમ્યુનિકેશન ક્ષમતાનો વિકાસ થાય અને આઈસીઝેડએમ પ્રોજેક્ટ ડિઝાઈન અને તેના અમલીકરણમાં લોકો પ્રત્યે પારદર્શિતાનું નિર્માણ થાય તેવી બાબતોનો સમાવેશ થઈ શકે. આ પ્રકારની મુલાકાતો બાદ નીચે જણાવેલ પરિણામો જાણવા મળ્યા : (i) પ્રિન્ટ માધ્યમોના તમામ અહેવાલ એમઓઈએફના ડ્રાફ્ટ સીએમઝેડ નોટિફિકેશન ઉપર છે અને આઈસીઝેડએમ પ્લાન ઉપર નહીંવત્ પ્રમાણમાં અહેવાલો જણાયા છે. (ii) દરિયા કાંઠે રહેતા સામાન્ય માનવીમાં નિયમોનું જ્ઞાન નહીંવત્ છે તે સાબિત થાય છે - ખાસ કરીને માછીમાર લોકોમાં. (iii) આ પ્રોજેક્ટથી આજીવિકાનું રક્ષણ નહીં થાય તેવી માન્યતાનો સામનો કરવા માટે સાચી માહિતીની જરૂર. (iv) સીઆરઝેડ કેટેગરીનું સીએમઝેડ ઝોનમાં રૂપાંતર બાબત મુંઝવણ હોવાનું સાબિત થવું. (v) પ્રોજેક્ટના અમલીકરણ બાબત પારદર્શિતાનો અભાવ અને મોનીટરીંગ અને મુશ્કેલી નિવારણ માટેના માળખાનો અભાવ હોવા બાબતની ચિંતાને દૂર કરવા માહિતીના આદાન-પ્રદાનની જરૂરિયાત. વિવિધ હિત ધરાવનાર જુથોમાં પ્રવર્તતા માહિતીના અભાવને દૂર કરવા માટે આવી મુલાકાતો સહાયભૂત બની.

૫૪ ત્રણેય રાજ્યમાં, એન્વાયર્નમેન્ટ અને સામાજિક પરિસ્થિતિના અભ્યાસ અંગેની મુલાકાતોઃ

કન્સલ્ટન્ટ (સીઈડી)ની ટીમ દ્વારા દરેક રાજ્યના વિવિધ વિભાગો જેવાં કે વન, પર્યાવરણ, મત્સ્યોદ્યોગ, જળ-સંપત્તિ વિગેરેના અધિકારીઓ સાથે તેમ જ કેટલાંક અન્ય હિત ધરાવનારાઓ જેવાં કે માછીમારો, હોડી ચલાવનારાઓ અને કાંઠાળ વિસ્તારમાં રહેતાં લોકો સાથે મુલાકાત કરવામાં આવી હતી. આવી મુલાકાતોનો મુળભૂત ઉદ્દેશ અગ્રતા

નિવેશને લગતી પર્યાવરણીય અને સામાજિક બાબતોની જાણકારી મેળવવાનો હતો. આવી કેટલીક મુખ્ય બાબતો નીચે મુજબ છે.

**(અ) ગુજરાત :**

(i) જળાશયોમાં પ્રદૂષણ, શહેરી કચરાને એકત્રિત કરી તેને યોગ્ય માવજત આપીને તેના સુયોગ્ય નિકાલ માટે જામનગર મુકામે બનાવવામાં આવનાર સૂચિત સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની આજુબાજુના વિસ્તારમાં જમીન તેમ જ જમીનના તળીયે આવેલી જળરાશીમાં પ્રદૂષણ. (ii) સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે જરૂરી બાંધકામ પ્રવૃત્તિ જેમ કે લેબોરેટરી વિગેરેથી આસપાસના વિસ્તારમાં જળ, વાયુ અને ધ્વનિ પ્રદૂષણ થાય તો તેની માત્રાને મર્યાદિત રાખવી. (iii) સ્થાનિક લોકો દ્વારા એસટીપી પ્લાન્ટની સૂચિત જગ્યાને બિનઅધિકૃત રૂપે ખેતીવાડી માટે વાપરવામાં આવતી હતી જે હવે સ્વૈચ્છિક રૂપે ખાલી કરેલ છે. આ બાબતનું સંપૂર્ણ રૂપે દસ્તાવેજીકરણ જરૂરી છે. (iv) મેન્ગ્રુવના વાવેતર અને ટકાઉ ઉપયોગ માટે લાભાર્થીઓની પસંદગી, વિવિધ ઈકો-ટુરિઝમને લગતી કામગીરી તેમ જ સામાજિક અને આર્થિક વિકાસને લગતી કામગીરી, અન્ય હિત ધરાવનાર લોકો સાથે ઘર્ષણ ઉત્પન્ન કરી શકે છે. (v) હાલ મોજુદ પરવાળાં સમુહ પ્રણાલિ (રીફસીસ્ટમ)ની મૂળભુત પર્યાવરણીય પરિસ્થિતિ પર, અન્ય સ્થળેથી લાવવામાં આવેલાં પરવાળાનું પ્રત્યારોપણ (ટ્રાન્સપ્લાન્ટેશન) કરવાથી અસર પડી શકે જેવી કે - હાલની રીફ સીસ્ટમની વૃધ્ધિ અટકી શકે અથવા કોઈ એક જાતના પ્રભાવને કારણે જૈવિક વિવિધતા પર અવળી અસર પડી શકે વિ. (vi) જો પ્રદૂષણને ઉચિત રૂપે અટકાવવામાં ન આવે તો, ટ્રાન્સપ્લાન્ટ કરેલી જાતિનું અસ્તિત્વ જોખમાય. (vii) ઈકો ટુરિઝમ વિકાસ પ્રવૃત્તિનું સુયોગ્ય આયોજન / પ્રબંધ ન થાય તો જળ-વાયુ અને ધ્વનિ પ્રદૂષણ સર્જાઈ શકે અને જૈવ-વૈવિધ્યતા પણ વિલુપ્ત થઈ શકે (viii) ચેર (મેન્ગ્રુવ) પુનઃસ્થાપનની કામગીરીનું ઉચિત આયોજન ન થાય

તો કેટલાંક વિસ્તારમાં હાલ મળી આવતી જાતો વિલુપ્ત બની શકે. (ix) ઈકો ટુરિઝમની સાથે સંકળાયેલી વિવિધ પ્રકારની આર્થિક પ્રવૃત્તિ માટે ક્ષમતાવર્ધન અંગેની અને યોગ્ય બજારવ્યવસ્થાની રણનીતિ જરૂરી જણાય છે.

## (બ) ઓરિસ્સા :

(i) દરિયાકાંઠાના રક્ષણ માટે કેટલાંક વિસ્તારોમાં અપનાવવામાં આવતા જેવા કે - રેતી એકત્રિત કરી તેની બેગ બનાવવી અને કાંઠાં ઉપર ગોઠવવી. બિનરક્ષિત આજુબાજુના બીચ અને દરિયાકાંઠાની જીઓમોર્ફોલૉજી ઉપર કેટલીક અસર પહોંચાડી શકે. (ii) રક્ષણાત્મક પગલાંઓ અથવા ઉપાયો માટે સૂચવવામાં આવેલ બાંધકામ જેવાં કે - પ્રાદેશિક લેબોરેટરી વિગેરે યોગ્ય સંભાળ અભાવે બાંધકામ દરમિયાન આજુબાજુના વિસ્તારમાં જળ, વાયુ અને ધ્વનિ પ્રદૂષણ સર્જી શકે છે. (iii) બાંધકામની પ્રવૃત્તિઓ કામચલાઉ રૂપે રસ્તાને અડચણ રૂપ થઈ શકે છે. (iv) વિવિધ પ્રકારની ઈકો ટુરિઝમ અને સામાજિક તેમજ આર્થિક વિકાસને લગતી પ્રવૃત્તિ માટે લાભાર્થીઓની પસંદગી અન્ય હિત ધરાવનારાઓમાં ઘર્ષણ ઉત્પન્ન કરી શકે છે. (v) ઈકો ટુરિઝમ વિકાસને લગતી પ્રવૃત્તિઓનું સુયોગ્ય આયોજન અને પ્રબંધ કરવામાં ન આવે તો વાયુ, જળ (બોટમાંથી તેલનું ઢોળાવું) અને ધ્વનિ પ્રદૂષણ તેમજ જૈવ વૈવિધ્યનું વિલોપન સર્જી શકે છે. (vi) ઈકો ટુરિઝમ સાથે સંકળાયેલ વિવિધ પ્રકારની આર્થિક કામગીરી માટે યોગ્ય બજાર વ્યવસ્થા અને ક્ષમતાવર્ધન રણનીતિ બનાવવી જરૂરી છે. (vii) ચેર પુનઃસ્થાપન પ્રવૃત્તિનું યોગ્ય આયોજન કરવામાં ન આવે તો કેટલાક વિસ્તારની સ્થાનિક ચેરની જાતો ગુમાવી શકાય એમ છે. (viii) ઈકો ટુરિઝમ વિસ્તારમાં પેદા થતાં કચરાનું સુયોગ્ય પ્રબંધન ખૂબ જ જરૂરી જણાય છે, જેને ઉચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ. (ix) ઘન કચરા પ્રબંધન એકમ, તેની માવજત અને વાહતુક દરમિયાન આજુબાજુના વિસ્તારમાં પ્રદૂષણ પેદા કરી શકે છે.

(ક) વેસ્ટ બંગાલ :

(i) શહેરી કચરાનું એકત્રિકરણ, માવજત અને સુરક્ષિત નિકાલ માટે સૂચિત સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ આજુબાજુના વિસ્તારમાં જળાશયો, જમીન ઉપરનું પાણી તેમજ ગ્રાઉન્ડ વોટરને દૂષિત કરી શકે છે. (ii) રક્ષણાત્મક પગલાંઓ અથવા ઉપાયો માટે સૂચવવામાં આવેલ બાંધકામ જેવાં કે - પ્રાદેશિક લેબોરેટરી વિગેરે યોગ્ય સંભાળ અભાવે બાંધકામ દરમિયાન આજુબાજુના વિસ્તારમાં જળ, વાયુ અને ધ્વનિ પ્રદૂષણ સર્જી શકે છે. (iii) RCC સાથેની રક્ષણાત્મક કામગીરી દરિયાઈ જીવોને તેમજ નજીકમાં આવેલ ભાંભરા પાણી ધરાવતી પ્રણાલિની આસપાસની આર્થિક કામગીરીને અવળી અસર પહોંચાડી શકે. (iv) સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટને સંલગ્ન બાંધકામ પ્રવૃત્તિ, સુએઝ લાઈન, ઈલેક્ટ્રીફિકેશન, પ્રવાસન સગવડો વિગેરે જો કાળજીપૂર્વક કરવામાં ન આવે તો જળ, વાયુ અને ધ્વનિ પ્રદૂષણ કરી શકે છે. (v) ઉચિત રૂપે બાંધકામ પ્રવૃત્તિ ન થાય તો કામચલાઉ રૂપે રસ્તામાં આડશ ઊભી કરી શકે છે. (vi) આજીવિકા ઊભી કરવી, પ્રવાસન અને વનિકરણ તેમજ દુકાનોના પુનઃસ્થાપનને લગતી પ્રવૃત્તિઓ માટે લાભાર્થીઓની પસંદગી અન્ય હિત ધરાવનાર લોકોમાં ઘર્ષણ પેદા કરી શકે છે. (vii) ઈકો ટુરિઝમને સંલગ્ન આર્થિક પ્રકારની પ્રવૃત્તિ માટે સુયોગ્ય બજારવ્યવસ્થા અને ક્ષમતાવર્ધન રણનીતિની જરૂરિયાત જણાય છે. (viii) વનિકરણની કામગીરીનું સુયોગ્ય આયોજન કરવામાં ન આવે તો સ્થાનિક અગત્યની વનસ્પતિ પણ ગુમાવવી પડે. (ix) માછલીના જથ્થાના નિલામકેન્દ્રનું ઉચિત પ્રબંધન ન થાય તો જળાશયોમાં પ્રદૂષણ પેદા થઈ શકે. (x) ઈકો પ્રવાસન વિકાસને સંલગ્ન કામગીરીઓનું આયોજન યોગ્ય રીતે ન થાય તો જૈવવૈવિધ્યનો નાશ, વાયુ, જળ અને ધ્વનિ પ્રદૂષણ જેવી મુશ્કેલીઓ આવી શકે. (xi) પ્રવાસીઓના મુકામની વ્યવસ્થા અને કચરાના નિકાલની વ્યવસ્થા ખાસ કરીને ઉત્સવોની સિઝન દરમિયાન ઉચિત રૂપે ન થાય તો પ્રદૂષણ સર્જાઈ શકે તે માટે ખાસ પ્રયત્નોની જરૂર જણાય છે.

**પર્યાવરણ અને વન મંત્રાલય, ગુજરાત, ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળ રાજ્યો દ્વારા નિષ્ણાતો, લોક સંગઠનો અને બિનસરકારી સંસ્થાઓ સાથે મુલાકાતો :**

૫૫ પર દર્શાવેલ દરેક સંસ્થા દ્વારા રાજયના મુખ્ય શહેરમાં તેમજ લોકસમુદાયો સ્તરે કેટલીક બિનસરકારી સંસ્થાઓ, નિષ્ણાતો અને લોકસંસ્થાઓ સાથે મુલાકાત કરવામાં આવી. સમગ્ર રૂપે ૧૨૨ બિનસરકારી સંસ્થાઓ તેમજ લોકસંગઠનોનો સંપર્ક કરવામાં આવ્યો અને મુલાકાત કરવામાં આવી (રાષ્ટ્રીય સ્તરે ૮૬, ગુજરાતમાં-૨૨, ઓરિસ્સામાં-૧૪ અને પશ્ચિમ બંગાળમાં-૧૮). આ ઉપરાંત જાન્યુઆરી-૨૦૦૮થી સપ્ટેમ્બર-૨૦૦૯ દરમિયાન કુલ ૧૧૮ મુલાકાતો નિષ્ણાતો સાથે યોજવામાં આવી. યોજના આખરી કર્યા પહેલાં નવી દિલ્હી, ગાંધીનગર, ભુવનેશ્વર અને કલકતા મુકામે અન્ય હિત ધરાવનારાઓ સાથે મુલાકાત કરવાનું સૂચિત છે (ડિસેમ્બર-૨૦૦૯થી જાન્યુઆરી-૨૦૧૦). પ્રોજેક્ટના અમલીકરણના સમય દરમિયાન આ પ્રકારની મુલાકાતો સતતરૂપે ચાલુ રહેશે.

## ૧.૬ વિકલ્પોનું પૃથક્કરણ :

૫૬ સમગ્ર પ્રોજેક્ટ ડિઝાઈનને ધ્યાનમાં રાખતાં પૃથક્કરણ કરેલ વિકલ્પોનો સમાવેશ નીચેની બાબતોમાં કર્યો છે : (i) પર્યાવરણ અને વન મંત્રાલયને જેમાં બહોળો અનુભવ છે તેવી પ્રદૂષણ નિયંત્રણ અને નિવાસસ્થાનોના રક્ષણ જેવી બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરી પ્રોજેક્ટની ડિઝાઈન બનાવવામાં આવી છે. દરિયા કાંઠાના કુદરતી સ્રોત માટે ટકાઉ ફળશ્રુતિને ધ્યાનમાં લેતાં આ વસ્તુ મર્યાદિત રહે (દા.ત. જો સુએઝનો પ્રવાહ અટકાવવામાં ન આવે તો પરવાળાનું રક્ષણ શક્ય ન બને): ભારત સરકારના સુધારાલક્ષી એજન્ડાને સહયોગ કરવા માટેની વિનંતી પ્રત્યે ધ્યાન અપાયું ન હોત અને કાર્યક્ષેત્રને લગતી બાબતો તરફ ધ્યાન આપવા પૂરતું જ મર્યાદિત રહ્યું હોત. દા.ત. દરિયાકાંઠાની પરિસ્થિતિ પ્રણાલિને પ્રદૂષિત કરનાર વિભાગો તેમજ અર્બન સેનીટેશન ઉપર પર્યાવરણ

અને વન મંત્રાલયનું નિયંત્રણ નથી. (ii) મોટાભાગના પ્રોજેક્ટ નિવેશને દરિયાકાંઠાના રક્ષણને લગતાં માળખા માટે સમર્પિત કરવું અને આડકતરી રીતે ક્ષમતાવર્ધન કામગીરીઓને જોડવી. સંસ્થાકીય માળખાં તરીકે ચાલુ રાખી શકવાનો અભાવ, દરિયાકાંઠા ઉપર અન્ય જગ્યાએ મોટી અસર પડી શકવાનું જોખમ અને દરિયા કાંઠાના સેડીમેન્ટની અન્ય સ્થળે પ્રાદેશિક કક્ષાએ ઢસડાઈ જવાની પ્રક્રિયાની સમજણના અભાવને કારણે આ વસ્તુનો અસ્વિકાર કરવામાં આવ્યો. (iii) પ્રોજેક્ટને માત્ર તાલીમ, જાગૃતિ કાર્યક્રમો અને કાંઠાળ વિસ્તારના સંરક્ષણ અંગેના અભ્યાસ પૂરતો રાષ્ટ્રીય સ્તરે સિમિત રાખવો. પરંતુ દરેક કાંઠાળ રાજ્યો માટેના મોડ્યુલનો શક્ય એટલો સમાવેશ કરવો. આ વસ્તુઓને સ્વીકારવામાં આવી નથી. કારણ કે, કાંઠાળ વિસ્તારના ટકાઉ વિકાસમાં તેની માત્ર નહીંવત્ અસર રહેવા પામત : કોસ્ટલ ઝોન મેનેજમેન્ટના દષ્ટિકોણને તે સહાયભૂત થઈ ન શકત ( જેવું કે વૈશ્વિક અભાવે જણાયું છે) : અને ભારત સરકારે તેનો આગ્રહ રાખ્યો ન હતો.

**૫૭ અમલીકરણ માટે ત્રણ રાજ્યોની પસંદગી, દરિયા કાંઠાના વિસ્તાર અને અગ્રતાક્રમે નિવેશ :**

ભારત સરકાર દ્વારા વિકેન્દ્રિત દરિયાકાંઠાના વિસ્તારોને ધ્યાનમાં રાખીને દર્શાવવામાં આવેલ અગત્યતાના ધોરણે અગ્રતાક્રમ નિવેશ નક્કી કરવામાં આવ્યા છે. જમીન અને પાણી બન્ને રાજ્ય વિષયો હોવાથી, રાષ્ટ્રીય સ્તરે તેના વિકાસનું અથવા રક્ષણનો પ્લાન બનાવી કે અમલીકરણ થઈન શકે. ભારત સરકાર તે અંગેની નીતિ કે ધારા-ધોરણ ઘડી શકે છે (રાજ્યો દ્વારા કાર્યક્ષેત્રને ધ્યાનમાં લેતાં સંમતિની શરતે), આઈસીઝેડએમનું અમલીકરણ સ્થાનિક અથવા રાજ્ય સ્તરે રહેશે. જ્યાં સુધી સ્થાનિક અગર તો રાજ્ય સ્તરે આ પ્રકારના દષ્ટિકોણનું અમલીકરણની કોઈ અસર શક્ય ન બને. આંતરરાષ્ટ્રીય અભાવો

પણ કહે છે કે આઈસીઝેડએમની નીતિઓ અપનાવવાથી કાંઠાળ વિસ્તારોનું સાતત્યપૂર્ણ મેનેજમેન્ટ અને રક્ષણ શક્ય બનતું નથી, સિવાય કે સ્થાનિક કક્ષાએ. આ પ્રકારની નીતિના વ્યવહારુ લાભોનું નિદર્શન કરવામાં આવે.

૫૮. અગ્રતાપૂર્વ નિવેશની પસંદગી સંબંધિત હિત ધરાવનારાઓ સાથેની મુલાકાતો બાદ કરવામાં આવી છે. આવું કરવાથી નિવેશોના નિદર્શનની શક્યતાઓ જાણવા મળી. આ પ્રકારના નિવેશ પર્યાવરણીય સુરક્ષા તેમજ સાંસ્કૃતિક વારસાને લગતા સ્રોત, આજીવિકામાં વૃધ્ધિ કરતી કાંઠાળ લોકસમુદાયો માટેની કાર્યવાહી વિગેરે જણાઈ આવી છે. સાથે સાથે પારંપરિક આજીવિકામાં ઘટાડો થવાથી વૈકલ્પિક આજીવિકા અપનાવવાનું જાણવા મળ્યું. અગ્રતાક્રમ નિવેશોની ડિઝાઈનમાં આંતર વિભાગીય સંકલનના ચોખ્ખા નિદર્શન તરફ પ્રમુખ ધ્યાન આપવામાં આવ્યું છે : લોકોનો સહયોગ, લૈંગિક બાબતોને મુખ્ય પ્રવાહમાં ભેળવવી અને ગરીબી તરફ પણ ધ્યાન આપવામાં આવ્યું છે. દરેક અગ્રતાક્રમ નિવેશ માટે ભૌતિક, પર્યાવરણીય અને નાણાકીય સાતત્યને ઉજાગર કરવા તરફ ધ્યાન અપાયું છે. ગુણવત્તા નિયંત્રણ તેમજ નાણાકીય અને માનવ સંસાધન પ્રત્યે પણ પૂરતું ધ્યાન અપાયું છે. નીચે જણાવેલ બાબતોને ધ્યાનમાં રાખીને પ્રોજેક્ટની દરખાસ્તોના વિકલ્પોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

**યોજનાની દરખાસ્તના વિકલ્પોનું મુલ્યાંકન નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને કર્યું હતું.**

અ) યોજનાના મધ્યસ્થ તરીકે પસંદ કરાયેલા અગ્રણી રાજ્યો સામાન્ય રીતે વધારે ગુંચવન ભરેલી પ્રકૃતીના સાથે વધારે પડતા વિરોધાભાસ વાળા છે અને તેથી ઘણી નકારાત્મક અસર મેળવી શકે છે.

બ) જ્યાં આંતર વિભાગીય સુયોજીત એ સંભાવિત રોકાણોની સફળતાની ચાવી હોય તેવા અગ્રીમ રોકાણોની સંક્ષીપ્ત યાદી બનાવવામાં આવી. આ મધ્યસ્થપણાની સફળતા સંસ્થાકીય વ્યવસ્થામાં અને પૂરતી જાણકારીની પધ્ધતીના મદદરૂપ થઈ ઈચ્છનીય આઈસીઝેડએમ અભિગમ તરફી બદલાવને કાર્યન્વિત કરશે.

ક) આ લંબાણની અગ્રતાઓ  રાજય સરકાર સાથે સંલગ્ન પર્યાવરણના ચર્ચાગ્રસ્ત મુદ્દા અને પ્રશ્નોની અગ્રતાથી પસંદ કરેલ હતી.

## ૧.૭ પર્યાવરણ અને સામાજીક પ્રબંધન આયોજન

૫૯ જવાબદારી અને નિરીક્ષણ સુચાંક સાથે પર્યાવરણીય અને સામાજિક પ્રબંધન આયોજન (ઈએસએમપી) તૈયાર કરવામાં આવ્યો. દરેક પેટા-ભાગો અથવા પ્રવૃત્તિ મહત્તમ લાંબાગાળાના લાભો અને સંસ્થાકીય ટકાઉપણા અને દૂર રહી શકાય તેવી અસરોથી દૂર રહેવા માટે તૈયાર કરવામાં આવી. ઈએસએમપીમાં સમાવેશ થાય છે.

૧) દૂર રહી શકાય તેવા બાબત ફરીના બને તે માટે નહિત કરવાનું નિરીક્ષણ કરવું.

૨) નિરિક્ષણ અને મુલ્યાંકન જેવા સામાજિક ચોકસાઈ અને ત્રીજા પક્ષકાર દ્વારા ચોક્સાઈનો સમાવેશ હોય

૩) હળવાશ અને પ્રબંધનનું આયોજન

૪) ફરીયાદના કારણના નિવારણની પ્રક્રિયા

૫) પુરતુ ભંડોળ

૬) યોજનાના વહિવટ માટે પૂરતા કર્મચારી

૬૦ પર્યાવરણ સંબંધી બાબતોનો યોજનાના મુસદા સાથે સાંકળી ગોલના દરિયાકિનારાને સાચવવાના અને ટેકો આપનાર પ્રબંધન દ્વારા આ યોજના મૂળભૂત રીતે ઉપરોકત પર્યાવરણ સંબંધી અને સામાજિક બાબતોની દીશાના પ્રયત્ન કરવા માટે યોજેલ છે. આ માટે યોજનાની પર્યાવરણની સંપૂર્ણ અપેક્ષીત ફાયદાકારક અસરો લાંબાગાળા આધાર માટે નિર્ધારીત છે. આમ છતા સ્થાનીક અને ટુંકા ગાળાના ફાયદા પર યોજનામાં મુકેલ દરખાસ્ત જો સંભાળપૂર્વક આયોજન ન કરવામાં આવે તો પર્યાવરણની સંપતિના નુકસાનમાં પરિણમી શકે છે. માટે યોજનાની રૂપરેખા દરમિયાન દૂર રહેવાની અને હળવી કરવાની કોઈપણ જેની સંભાવિતતા પર્યાવરણને નુકસાની અસરકરે તે માટે પૂરતુ ધ્યાન અપાયુ હતુ. દરેક પેટા ભાગ અથવા પ્રવૃત્તિ લાંબાગાળાના ફાયદાને મહત્તમ કરવા માટે અને સંસ્થાકીય આધારિતતા માટે તૈયાર કરાઈ હતી. દરિયાકિનારાના વિસ્તારોના પ્રાકૃતિક વારસાની જાળવણી માટે બધા એકમોની યોજના કરવામાં આવી છે. યોજનાના પર્યાવરણ સંબંધી ફાયદા ઓ દરિયાકાંઠાના આવાસોના સુદૃઢ પ્રબંધન અને પર્યાવરણ સંબંધી સંપત્તી અને કાર્યો જે દરિયાકાંઠાના રહીશોને સેવા પૂરી થઈ સાથે સંકળાયેલા છે.

૬૧ પ્રાકૃતિક આવસો, રાષ્ટ્રીય ઉદ્યાનો, વન્યજિવન અભ્યારણ્યો :

કોઈ યોજનાની પ્રવૃત્તિમા (મહત્વના કે મહત્વ વગરના) પ્રાકૃતિક આવાસો (રક્ષીત હોય કે નહી) ના ફેરફારો કે ઉતરની ગુણવત્તાના બનાવવાનો સમાવેશ કરશે નહી. યોજનાની કોઈ પ્રવૃત્તિમાં સમાવેશ નહી થાય જેની (૧) પ્રાકૃતિક આવાસોની પૂર્ણતા ને અસર કરે (જમીન કે પાણીના ઉપયોગ દ્વારા) (૨) જમીન અન્ય ઉપયોગ માટે કાયદાકીય રીતે ચાપતી કરવાના ન આવે (૩) કુદરતી શાકભાજીને બદલવાના ન આવે (૪) પ્રાવૃતી આવાસોનું હંગામી કે કાયમી પૂરમા ફસાવુ (૫) ભીનીજમીનમા કોઈ ગટરલાઈન માટીનું ખોદાણ, પુરાણ કે નીક બનાવવા. યોજના કોઈ માળખાને પ્રોત્સાહન આપીને પટ્ટો

વિકસાવી નથી. દૂર હોવા છતા સ્થાનિક વનસ્પતિ ઉપર અસરની શકયતાઓ કાળજી પૂર્વક દૂર રખાઈ છે. સુક્ષ્મ રહેવાસીઓ પર અસરની દૂરની તકોથી નૂર રહેવા સુરક્ષીત વિસ્તારમાં પ્રવૃત્તિઓ કાળજીપૂર્વક તૈયાર કરાઈ છે. લાંબાગાળાની સંરક્ષણની જરૂરિયાતોના પ્રબંધ માટેની ક્ષમતા વધારવાની પ્રવૃત્તિઓ યોજનામા તૈયાર કરાઈ છે. યોજના ત્રીજા પક્ષકારની જૈવિક દરિયાકાંઠાના જૈવિક શુંખમાના સંસાધન પર થતી અસરની શકયતાઓનું નિરીક્ષણ કરશે. અને આવા કોઈ ત્રજા પક્ષકારની અરસરના પ્રસંગે યોજનાના અમલના દરમિયાન ઝડપી પગલા લેવાશે જેનો અનામત (ન ચુકવાયેલ) સીલકમાંથી સંસાધનો કામગીરી કરવા અને જયારે જરૂરી જણાય ત્યારે જરૂરી ઠંડુ પાડવાની પ્રક્રિયા અથવા અસરતા ઘટાડો કરવાના પગલા લેવા.

## ૬૨ જંગલ, વનસ્પતિ અને વનસ્પતિ તથા પ્રાણી જાતો :

જંગલો, વનસ્પતિ અને પ્રાણીઓ : યોજનામાં (૧) કોઈ લાકડાના થડનો સમાવેશ નથી. (૨) કોઈ જંગલની તંદુરસ્તી અથવા ગુણવત્તા પર અસર નહીં કરે. (૩) જાતિઓના જંગલમાં પ્રવેશ અથવા અધિકાર જંગલના નાના ઉત્પાદનોમાં વધારો અથવા ઘટાડો નહીં કરે. (૪) પ્રબંધન, રક્ષણ અને ઉપયોગીતામાં ફેરફારની દરખાસ્ત કરતી નથી. જે વિસ્તારમાં જંગલનું ઢાંકણ લાંબા સમયથી નથી ત્યાં મેંગ્રોવ્સ અને છાયાપટ્ટાના વૃક્ષોનું વાવેતર પ્રસ્તાવિત કરવામાં આવ્યું છે. યોજના સાથે સંકળાયેલી કોઈપણ પ્રવૃત્તિની (૧) જંગલની તન્દુરસ્તી અથવા ગુણવત્તા પર અસર પડશે નહીં. (મેંગ્રોવ્સ અને છાયાપટ્ટાના વૃક્ષો સાથે) અથવા (૨) દરખાસ્તના વિસ્તારમાં લોકોના ક્ષેમ કુશળ અને અધિકારોને અને તેમનું જંગલ પરનું આધારીતપણું અથવા વ્યવહારને ખરાબ અસર થશે નહીં. ધરીના ઘસારાની તમામ શ(યતાઓની કાળજીપૂર્વકની તપાસ કરીને દૂર કરવામાં આવેલ છે. બહારની જાતિઓનીય દૂરની સંભાવના દૂર કરાઈ છે. મેંગ્રોવ્સ અને છાયાપટ્ટાના વૃક્ષો

માટે યોજના જાતિ પ્રબંધનના અભિગમનો ઉપયો કરે છે, જે ભારતમાં બેંક દ્વારા આર્થીક સહાય મેળવતી રુઢ પ્રથા છે. મેંગ્રોવ્સનું વાવેતર મહેસુલ તથા જંગલની જગ્યા પર થશે. દા.ત. જંગલથી ઢંકાયેલી કોઈપણ જગ્યા પર મેંગ્રોવ્સનું વાવેતર થશે (જે જગ્યા મહેસુલ વિભાગની હોય કે જંગલ વિભાગની હોય.) મેંગ્રોવ્સ અને છાયાપટ્ટાના વૃક્ષોના વાવેતરના સમાવેશ સાથે દરખાસ્તની કોઈપણ પ્રવૃત્તિ માટે જંગલ (રક્ષણ) કાયદા નીચે (જંગલખાતાની બહાલી) નિયામકની બહાલી જરૂરી નથી. કોઈ અકુદરતી અથવા રસાયણિક જંતુનાશક કે નિંદામણની દવાનો ઉપયોગ વાવેતરમાં કે નિંદામણમાં અથવા સફાઈમાં થશે નહીં.

**૬૩ સાંસ્કૃતિક મિલ્કતો :**

યોજનાની કોઈ ભૌતિક સાંસ્કૃતિક મિલ્કત પર કોઈ સીધી ખરાબ અસર નથી. યોજનામાં કોઈ ખોદાણ કે પ્રદુષિત પ્રવૃતિનો સમાવેશ નથી જે અસરક્ષમ હોય. યોજના સાત બિસ્માર સાંસ્કૃતિક મિલ્કતોની જાળવણી, સમારકામ અને જીર્ણોધ્ધારને સહાય કરે છે. (જો કે આમાથી કોઈનો રાષ્ટ્રીય વિરાસતની યાદીમાં નથી). યોજના દિઘા (પશ્ચિમ બંગાળ) ખાતે સામુદ્રિક માછલીઘરના સમારકામ અને જીર્ણોધ્ધારમાં અને દ્વારકા ખાતે સામુદ્રિક સંગ્રહસ્થાન સાથે સંશોધન કેન્દ્રની સ્થાપનામાં સહાય કરે છે. દરેક બાંધણીની સાચવણ અને જીર્ણોધ્ધારની કામગીરી વિશિષ્ટ અન્વેષકો અને કારીગરો દ્વારા કરવામાં આવશે. નિતીનું અમલીકરણ બાંધણીની સાચવણ અને જીર્ણોધ્ધારનું કાર્ય શ્રેષ્ઠ વ્યાવસાયિક ધોરણો મુજબ હાથ ધરાયા છે અને નિયત સમયાંતરે દેખરેખ રખાય છે. અહીંની યાદીની કામગીરી ઉપરાંત, તમામ યોજનાની નાણાધીરેલ કામગીરીના અને અમલીકરણમાં આ કામગીરીઓની વિચારણાના સમાવેશ સાથે વિવિધ પગલાઓ દ્વારા સાંસ્કૃતિક મુલ્યોની જાળવણી યોજના સુનિશ્ચિત કરશે.

**૬૪ દરિયાકાંઠાની જાતિમાં રહેતા ગરીબ, ભોગ બની શકે તેવા જુથનો સમાવેશ યોજનાની પ્રાથમિકતા છે :**

દરિયાકાંઠાની જાતિનો સમાવેશ, ભાગીદારી અને સ્ત્રીઓ દ્વારા સામનો કરાતા પ્રશ્નો અને બંધનો યોજનાના પ્રાથમિક સર્વેક્ષણ સમયે યોજનાની વિચારણામાં સંયોજાયા હતા. રાજયની દરેક રાજ્ય PEAs દ્વારા પ્રસ્તાવિક કામગીરી આમુદાઓને ધ્યાને લેવા માટે વિકલ્પો તપાસે છે. આ પ્રશ્નોએ રાષ્ટ્રીય, રાજ્ય અને ગ્રામ્ય સ્તરે પદાધિકારીઓના સંપર્ક માટેનો આધાર બનાવે છે. ઘણા પ્રાથમિક રોકાણો આ જુથોને લક્ષ્ય બનાવે છે અને તેમના સુધરેલ જીવનધોરણને સહાય કરે છે અને CBOs ને આ રોકાણોના અમલ માટે સામેલ કરે છે. સમાવેશ કરવાનો મુસદો ICZM આયોજનોની વિચારણામાં ચાલુ રહેવાનું અપેક્ષિ છે. આ યોજના સ્થાનિક જાતિને જીવનધોરણની સુરક્ષા પુરી પાડવા માટે પણ તૈયાર કરાયો છે. લાભાર્થીનું ચયન પુર્વનિર્ધારીત ધારાધોરણથી માર્ગદર્શિત રહેશે જેમ કે અસર પામવાની વધુ સંભવિતા વાળું જુથો. પારદર્શિતા નિસ્ચિતતા માટેના માપદંડ તરીકે સ્થાનિક હિંદી માધ્યમ અને અન્ય સાધનોના ઉપયોગથી જાહેરાત કરાશે. યોજના ગ્રામ્યસ્તરના આયોજનમાં સ્થાનિક સંરક્ષણ અને જીવનધોરણના સુધારણાને લગતી અનુસુચિત જાતિના વસ્તી અને તેમની અપેક્ષાઓને પૂરતુ પ્રતિનિધિત્વ મળે એ સુનિશ્ચિત કરશે. અંતતઃ જાતિનું મુખ્યધારામાં સમન્વીકરણ યોજનાનો કેન્દ્રિત ભાગ રહેશે. લેણદારની વિશ્વસનિયતા પર આધારીત કામગીરી દરેક પ્રસ્તાવિત પ્રાથમિક રોકાણોમાં સ્ત્રીઓની જરુરિયાતના ઉપલક્ષમાં સાંકળવામાં આવી છે. દા.ત. પશ્ચિમ બંગાળ અને ઓરિસ્સામાં કેન્દ્રિત રોકાણોની અગ્રતામાં જ્યાં બજાર માટે સમ્બન્ધિત સંકળામણ છે ત્યાં માછણોને તેમનો સામાન (કાચી માછલી, ગુણવત્તા ઉમેરેલ ઉત્પાદનો જેવા કે માછલીનો આચાર અથવા પરંપરાગત હસ્તકલા) વેચી શકે તેવી આધુનિક તકો પૂરી પાડવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

૬૫ હાથ ધરાયેલ સામાજિક વિશ્લેષણે (EA/SA ના ભાગ રુપે) વિભિન્ન અનુસુચિત જનજાતિના જુથો જે મુખ્ય લાભાર્થીઓમાં હોઈ શકે તે ઓળખી નાખ્યા. તમામ સંબંધીત સાંસ્કૃતિ ઐતિહાસિક અભ્યાસના આધારે સાંસ્કૃતિક યોગ્ય લાભો આદિવાસી જાતિ સુધી ત્યારે પહોંચાડી શકાય જ્યારે અનુસુચિત જન જાતિ (ST) પહાડી ભારતમા આ વિસ્તારમાં સ્થાપિત હોવી જોઈએ. ૨૬૭ છટણી કરેલ ગામો કે જ્યાં યોજનાની કામગીરીનો અમલ થશે તેણે સુચવ્યુ કે કામગીરી સાંસ્કૃતિ રીતે અનુસુચિત જનજાતિ માટે યોગ્ય હોવાની ચોકસાઈ માટે કોઈ અલગ આયોજનની જરુર નથી. છટણીના પરિણામ મુજબ કોઈ ગામ જુદુ સ્થાપન ધરાવતુ નથી (અથવા જુદી પહાડી વસાહત). યોજનાના ૨૬૭ ગામો પૈકી ગુજરાતમાં ફક્ત એક ગામ પર્યાપ્ત આદીજાતિની વસ્તી (૮૭ %) અને યોગ્યતા વાળુ છે. ગામનું આયોજન જે ગામ વાળાએ તૈયાર કરેલ હોય તેજ સાંસ્કૃતિ ગામો નિશ્ચિત કરશે. ૧-૫% -૩૬ ગામોમા, ૫-૧૦% -૯ ગામોમાં, ૧૦-૨૫% -૧૨ ગામોમાં અને ૨૫-૫૦% -૪ ગામોમાં.. આમાના કોઈ ગામોમાં અનુસુચિત જાતિની વસ્તી અલગ જાતિ સ્થાપનોમા કે જેમા અલગ વસાહતોની સાથેના જોડકા, અથવા અલગ સાંસ્કૃતિ, આર્થિક, સામાજિક અથવા રાજકીય સંસ્થાઓની સાપેક્ષમા અનુસુચિત જાતિની વસ્તીની લાક્ષણીકતાથી રહી શકે નહી.

સામાન્ય રીતે સમગ્ર રીતે આ ગામો માટે સાંસ્કૃતિક રીતે યોગ્ય હોય તેવુ અર્થપૂર્ણ અલાયદુ આયોજન કે જે સાંસ્કૃતિક રીતે યોગ્ય હોવા કરતા જુદુ હોય.

આમ છતાં દરેક ગામના સ્તરનું આયોજન એ નિશ્ચિત કરશે કે અનુસુચિત જાતિના લોકો આયોજનની પ્રક્રિયામા અલગ રીતે રજુ થાય અને યોજનાની કામગીરીનું આયોજન અને અમલ બધા વર્ગોના અસર પામે તેવા સામાજિક સમુદાયો કે જેના અનુસુચિત જાતિનો સમાવેશ થતો હોય તેના સંપર્ક અને પૂરતી પૂર્વમાહિતીથી કરવામાં આવે.

## ૬૬ અસંમત પૂનર્વસન :

યોજનાની વિચારણામાં નિશ્ચિત થયું છે કે અસંમત પુનર્વસનની સંભાવના ખૂબ ઓછી છે. કોઈ જમીન સંપાદન સમાવિસ્ટ નથી. યોજનાની વિચારણામાં નિદિષ્ટ થયું છે કે અસંમત પુનર્વસનની સંભાવનાઓ  ખૂબ ઓછી છે અને દરેક જાણીતી શક્યતાઓ દૂર કરવામાં આવી છે. યોજના મેન્ગ્રોવ્સ અને છાયાપટ્ટના વૃક્ષારોપણ જંગલખાતાની અથવા મહેસુલ વિભાગની જમીન પર થાય તેને સહકાર આપશે અથવા ઓરિસ્સાના કિસ્સામાં ૧૦૫ હેક્ટર માલીકીની જમીન ઉપર જમીન માલિકીની સંમતિથી અને કોઈપણ પ્રકારના જમીન સંપાદન વિના છાયાપટ્ટાના વૃક્ષારોપણમાં સહકાર આપશે. ૧૫,૫૦૦ હેકટર જંગલખાતાની અને મહેસુલ ખાતાની જમીનનું સ્થળ પરિક્ષણ કરવામાં આવ્યું અને કોઈ દબાણ કે ઘૂસણખોરી જણાઈ નથી. સ્વૈચ્છિક ભૂદાનની તમામ ઘટનાઓનું સ્પષ્ટ દસ્તાવેજીકરણ કરાશે અને ગામની પંચાયત કચેરીઓમાં પ્રદર્શીત કરાશે. માટે દરેક સંભવી અસરોની ચકાસણી કરાઈ છે અને મળી નથી. પણ અનુભવ સૂચવે છે કે બધી યોજનાની કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી દબાણ કે ઘૂસણખોરીની સંભાવના સંપૂર્ણ નકારી શકાય નહી. સંભવિત ઘટનાની સંભાળ લેવા માટે દરખાસ્ત પૂનર્વસન નીતીનું માળખા (RPF), રાષ્ટ્રીય પૂનર્વસન અને પુનઃસ્થાપનની નીતી સાથે સાતત્ય ધરાવતુ અને બેંક OP ૪.૧૨ મુજબ છે. એ નોંધનીય છે કે RPF ફક્ત ન ઓળખી શકાય તેવા પ્રશ્નો માટે બનેલું છે જે સાવ નકારી શકાય નહીં અને એટલા માટે નહીં કે આ સમયે ને ચકાસવામા આવેલ નથી. RPF (૧) સંભાવિત અને નધારેલ દબાણ અને ઘસહાખોરીની ઘટનાઓ માટે (૨)સંભવિત પકાટતી ખોટના વળતર માટે તેમજ તેમા સમય માટે છકનું માળખુ અને (૩) બધેથી - સિધ્ધના હેતુથી ત્રિસરીય તકરાર નિવારણ તંત્રનું માળખુ નુ બનેલુ રહેશે એમાંથી ઉજવળતા કિસ્સાની સંખ્યાનો ખ્યાલ ન હોવાથી JNR ૧૩૪ મીલીયનના પુનઃ પતાવટ અને પુનર્વસન અંધજપત્ર નક્કી કરવા માટે અનુમાનિત આંકડાનો ઉપયોગ કરેલો જેતે

અમલીકરણની મુદત દરમિયાન આવા ઉદ્ભવીત તેવા (કસ્માતી સંખ્યા મુજબ વખતો વખત સુધારવામાં આવશે.

૬૭ આ પ્રોજેક્ટથી કચ્છનો અખાત (ગુજરાત) પેરેદીય ઘભો અને ઓરિસ્સમના ગોપાલપુર શીમીય સમુદનદીયતટ અને સમગ્ર પશ્ચિમબંગાળ સમુદ્રતટ માટે ICZMની ના નિર્માણમા નાણા પણ રસ પાડશે. ICZM યોજનાનો મુખ્ય હેતુ જોખમ હેઠળની સમુદ્રનટીપ મતિઓને સમુદાયના જાનમાલને રક્ષણ આપવાનો છે. આમાની દરેક યોજના Iદેશિક ધોરણ તૈયાર કરવામાં આવશે. આયોજન કામગીરીથી ઔચ્છીક યુનઃસમાધાનના કિસ્સાઓને સીધા જ નક્કી કડી સમય તેવુ નથી. તેમ છતા યોજના ક્રિયામાં વિશે બેંક OP ને સંગત રહીને આખરીયોજનાના પરીક્ષણ તેમજ લાગુ પાડવાપાત્ર રાષ્ટ્રીય નિતી અને પરંપરાગત અને રૂઢિગત દરેક એન અમ્યાતંર ભેમા વેશથી પતી ધનિ તેમજ ICZM યોજનાના હેતુઅને નક્કી કરી શકશે.

૬૮ આ પ્રોજેક્ટ તમામ ઘટકો (૨), (૩) અને (૪) મા તેના અગ્રતા મુડીરોમણોના અમલીકરણ અને તેના દેખરેખ નિયંત્રણ ક્રિયાઓની અંદર સામાજિક જવાબદારી વ્યવસ્થાતંત્ર પણ ધરાવે છે. સામાજિક જવાબદારી સુનિશ્ચિત કરવા માટે અપનાવવાના વેપ તેબ મછવના ઓજગમ કોઈપણ ઘોડ ચડે અથવા અગ્રતા મુડીરોમણાની સમગીરી એન સુધારાના હેતુથી નાગરિકની ભલામણો નોંધવા માટે તિભાવો મેળવવા હેતુથી સામાજિક ઓરીટ નાગરિક ગુણાંરપત્ર અને અહેવાલ કાર્ડ જે માર્ગ ચક્ર રૂપ બનશે તેની સદભાગી ક્રિયાઓનું સંયોજન પણ હોઇ શકે સામાજિક જવાબઘટીના આદેશને સંગીત તકચર નિવારણ વ્યવસ્થાતંત્ર મારફત વધુ સુદઢ બનાવવામાં આવશે. NPMU અને SPMU એક બન્ને કક્ષારતે તકરાર નિવારણ એકમાની સ્થાપના કરવામાં આવશે જેમા વિવિધ માધ્યમો (દા.ત. સ઼ભવિત ટોલફી અનિલઘન વેલ આધારીત ફરિયા છે. લેખિત ફરિયાદ

અને જાહેરજાતને ફરિયાદનોંધવાના દિવસો) નો ઉપયોયિ કરીને તેના વપચશકર્તાની ફરિયાદને નોંધવામાં આવશે આ તમામ બાબતો સમયબધ્ધીત પધ્ધતિના હશે આ ોજેક્ટથી માહિતીઅધિકાર અધિનિયમ ૨૦૦૫ નું ચુસ્તપણે પાલન કરવામાં આવશે અને તેની કલમ ૪ હેઠળ એવી સ્પષ્ટ તિબધ્ધત આપવાના આવશે કે સમુદાયો લાભાર્થીઓ સદીન સહત્વના મધ્યસ્થીઓ સાથે માહિતીનું સાધન ધાન અને માહિતીને સંપૂર્ણ રીતે ગટ કરવામાં આવશે. આ ોજેક્ટમા મુદ્રણ અને વીજાણુ માધ્યમ બીમબોર્ગ ચોપાનીયા ભીતપત્રો અને સ્થાનિક સંદર્ભને અનુકુળ હોય તેવી અન્ય પધ્ધતિ, અધયતંત્ર માનવ અને નાણાકીય સંસાધનોના કાર્યક્ષમ અને અસરકારક ઉપયોગને કેન્દ્રના રાખીને માહીતી સંચાર વ્યુહ રચના ધરાવશે.

૬૯ પર્યાવરણ દેખરેખ નિયંત્રણ અને અહેવાલ યોજના : આ પ્રોજેક્ટ માટે ઘટકવાર વિસ્તૃત દેખરેખ નિયંત્રણયોજના તૈયાર કરવામાં આવેલ છે. દેખરેખ નિયંત્રળમાં યોજના અનુસાર વૃત્તિઓ વધ ધરવામાં આવે છે કે કેમ તે સુનિશ્ચિત કરવાના હેતુથી સામાજિક મુલ્યાકનનો સમાવંશ થાય છે. તેના ઘટકવાર વૃતિઓ દેખરેખ નિયંત્રણ સુચકાકો સાધનો અને તેના વપરાશનું પુનરાવર્તન તેમજ દેખરેખ નિયંત્રણ અને અહેવાલના વ્યવસાયતંત્રનો સમાવેશ થાય છે.

૧.૮ પર્યાવરણ અને સામાજિક વ્યવસ્થાપન અને દેખરેખ નિયંત્રણ માટેનું અંદાજપત્ર

૭૦ આ પ્રોજેક્ટથી પર્યાવરણીય અને સામાજિક વ્યવસ્થાપન પગમાં અને તેને લગતા દેખરેખ નિયંત્રણ ખર્ચના અમલીકરણ માટે વિવિધ ઘટકો ને ધ્યાનમાં લઈને વચગાવાનું અંધનપગ તૈયાર કરવામાં આવેલ છે.

| **પ્રવૃત્તિઓના પ્રકાર** | **રાષ્ટ્રિય** | **ગુજરાત** | **ઓરિસ્સા** | **પશ્ચિમ બંગાળ** | **કુલ** |
|---|---|---|---|---|---|
| ક્ષમતા અને સંસ્થાનિર્માણ | ૧૨.૯૦ | ૮.૮૦ | ૧૦.૪૨ | ૦ | ૩૧.૧૨ |
| ICZM આયોજન પ્રક્રિયા | ૦ | ૩.૫૨ | ૫.૨૧ | ૧૯.૯૩ | ૨૮.૬૬ |
| સ્થાનિક મુડીરોકાણ | ૦ | ૪૯.૧૯ | ૭૩.૬૨ | ૧૮૯.૭૭ | ૩૧૨.૫૮ |
| **કુલ** | **૧૨.૯૦** | **૬૧.૫૧** | **૮૯.૨૫** | **૨૦.૭૦** | **૩૭૩.૫૬** |